પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૨૫ • કુલ પાના : ૪ • તારીખ : ૧૬-૦૫-૨૦૨૩ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ચક્રવાતી વાવાઝોડા મોચાએ મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તાર સિત્તવેમાં તબાહી મચાવી

## મોચા ચક્રવાત ફેરવાયું ભીષણ વાવાઝોડામાં, બંગાળના દરિયાકાંઠા વિસ્તારોને એલર્ટ કરાયા

કોલકતા,

ચક્રવાતી વાવાઝોડા મોચાએ મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તાર સિત્તવેમાં તબાહી મચાવી હતી હવે તે બંગાળની ખાડીને અડીને આવેલા વિસ્તારોમાં વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે આથી બંગાળમાં પણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે લોકોને દરિયાની નજીક ન જાય તે માટે નિયમો જાહેર કર્યા છે. તોફાની વાવાઝોડું 'મોચા' મધ્ય બંગાળની ખાડીને અડીને આવેલા દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં તીવ્ર વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે. આ મોચા વાવાઝોડા દરમિયાન ૯ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉત્તર દિશામાં આગળ વધી રહ્યું છે. ૧૪ મે રવિવારના રોજ બાંગ્લાદેશ અને મ્યાનમારના



દરિયાકાંઠા પર ચક્રવાત મોચાએ દસ્તક આપી હતી. પશ્ચિમ બંગાળમાં ડિઝાસ્ટર મેનેઝમેન્ટ ફોર્સના જવાનોને પણ એલર્ટ આપવામાં આવ્યું હતું.

મળેલ માહિતી મુજબ, પૂર્વા મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારો હાઈ એલર્ટ પર છે. પીટીઆઈ દ્વારા જણાવેલ અહેવાલ મુજબ ડાઈવર્સ સહિત એનડીઆરએફની ટીમો સાથે, દિઘા-મંદારમણીના દરિયાકાંઠાના વિસ્તારો પણ એલર્ટ પર છે. તેમજ વિભાગે લોકોને દરિયાની નજીક ન જવાના નિયમો જાહેર કર્યા છે.

વિભાગે લોકો પર નજર રાખવા માટે બકખલી બીચ પર સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ગ્રુપના ૧૦૦ થી વધુ કર્મચારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ સુંદરવનના બંધોમાં તિરાડો પડી ગઈ છે. જેથી સાવચેતીના ભાગરૂપે તેમને બંધ કરવામાં આવી રહ્યા છે.

દરિયાની નજીક જતાં લોકોને રોકવા માટે પોલીસ અને પ્રશાસન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી રહ્યા છે. એનડીઆરએફ ટીમના સભ્ય વિકાસ સાધુએ કહ્યું કે અમે પ્રવાસીઓને સમુદ્રની નજીક જવાની મંજૂરી નથી આપી રહ્યા, જ્યાં જોરદાર મોજા ઉછળી રહ્યાં છે. અમે બીચ પરની હિલચાલને નિયંત્રિત કરી રહ્યા છીએ. અમને આગામી કેટલાક કલાકો માટે એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે.

આ મોચા વાવાઝોડું સોમવારે (૧૫ મે)ના રોજ રાજ્યમાં ત્રાટકે તેવી શક્યતા છે, જેના કારણે પૂર્વા મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાઓમાં દરિયાકાંઠાના વિસ્તારોના રહેવાસીઓને સ્થળાંતર કરવા માટેની વ્યવસ્થા કરાઈ છે.માહિતી મુજબ, ચક્રવાત મોચા કોક્સબજારથી ૨૫૦ કિમી દક્ષિણમાં હતું.

ધ ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, ચક્રવાત મોચાએ રવિવારે (૧૪ મે) મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તાર સિત્તવેમાં તબાહી મચાવી રહી છે. મ્યાનમારના રખાઈન રાજ્યની રાજધાની સિત્તવેના કેટલાક ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા જ્યારે પવન ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. અલ જઝીરા મુજબ, મ્યાનમારમાં ભૂસ્ખલનને કારણે બે લોકોના મોત થયા છે. તેમજ સ્થાનિક મીડિયાએ મ્યાનમારમાં એક વૃક્ષ પડવાથી એક વ્યક્તિના મોતના અહેવાલ આપ્યા હતા.દરમિયાન ચક્રવાત મોકાએ મ્યાંમારના ઘણા વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે.અહીં ૧૯૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જે ૨૫૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. બાંગ્લાદેશના હવામાન વિભાગે કહ્યું- મોકા છેલ્લા ૨ દાયકામાં દેશમાં ત્રાટકનારું સૌથી શક્તિશાળી તોફાન બની શકે છે.જેના કારણે દેશનો કોરલ આઈલેન્ડ સેન્ટ માર્ટિન પર ડૂબી જવાનું જોખમ છે. હાલમાં, એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યાં છે અને માછીમારોને દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. મોકા શનિવારે રાત્રે મધ્ય અને નજીકના દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમ્યું હતું. તેનાથી વિશ્વના સૌથી મોટા શરણાર્થી શિબિરને પણ અસર થઈ શકે છે.વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઈઝેશન અનુસાર જો ચક્રવાતને કારણે પૂર કે ભૂસ્ખલન થાય છે તો તે બાંગ્લાદેશ-મ્યાંમાર સરહદ પર સ્થિત રોહિંગ્યા શરણાર્થી શિબિરને નષ્ટ કરી શકે છે. આ શરણાર્થી શિબિરમાં લગભગ ૮ લાખ ૮૦ હજાર રોહિંગ્યા રહે છે. ૫ લાખ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે

ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું કે ચક્રવાતી તોફાન છેલ્લા ૬ કલાકમાં ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધ્યું છે. આ વાવાઝોડું ૧૪ મેના રોજ બપોરે બાંગ્લાદેશના કોક્સ બજાર અને મ્યાંમારના ક્યુકપ્યુને પાર કરે તેવી શક્યતા છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૫૦-૧૬૦ કિમી પ્રતિ કલાકથી ૧૭૫ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે.

## કુસ્તીબાજોનો સ્મૃતિ ઈરાની સહિત ભાજપના મહિલા સાંસદોને ખૂલ્લો પત્ર લખ્યો

નવીદિલ્હી,

છેલ્લાં ૨૨ દિવસથી જંતર-મંતર પર ધરણાં આંદોલન કરનારા કુસ્તીબાજોએ કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઈરાની સહિત ભાજપના મહિલા સાંસદોને ખૂલ્લો પત્ર લખ્યો છે. આ પત્ર દ્વારા કુસ્તીબાજોએ મહિલા સાંસદ પાસે મદદ માંગી છે. જેથી બ્રિજભૂષણ શરણ સિંહ પર કાર્યવાહી થઈ શકે.'બેટી બચાઓ, બેટી પઢાઓ'નો નારો આપનાર મહિલા સાંસદોએ અમારા દુઃખમાં સામેલ થઈ અમારો સાથ આપવો જોઈએ એવી માંગણી કુસ્તીબાજોએ પત્ર દ્વારા કરી છે.એટલું જ નહીં પણ ૧૬મી મે ના રોજ દેશભરના જિલ્લા મુખ્યાલયો પર એક દિવસીય સત્યાગ્રહ કરવાની માંગણી પણ કરવામાં આવી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર જંતર-મંતર પર પત્રકારો સાથે વાત કરતાં વિનેશ ફોગટે કહ્યું કે, અમને ઘરણાં પર બેસીને ૨૨ દિવસ થઈ ગયા છે. પરંતુ આજ સુધી ભાજપના એક પણ નેતા અમારા સુધી આવ્યા નથી. એક પણ મહિલા સાંસદ આવ્યા નથી. જે લોકો બેટી બચાઓ, બેટી પઢાઓનું સૂત્ર આપે છે તે લોકો અમારા દુઃખમાં સામેલ થતાં નથી. તેથી અમે ભાજપના મહિલા સાંસદોને ખૂલ્લો પત્ર લખ્યો છે. અમારા કુસ્તીબાજો તેમના ઘરે જઈને તેમને પત્ર આપશે.

કુસ્તીબાજ સાક્ષી મલિકે કહ્યું કે. અમે સમાજના તમામ લોકોનો સહકાર માંગી રહ્યાં છીએ. અમારી લઢાઈમાં સામેલ થાઓ. અમે જે આક્ષેપો કર્યા છે તે સાચા છે. માટે જ તમે બધા અમને સાથ આપી રહ્યાં છો. અમારા સમર્થનમાં જંતર-મંતર પર રોજ લોકો આવવા જોઈએ. ઉપરાંત વિનેશ ફોગટે ૧૬મી મે ના રોજ લોકો તેમના સમર્થનમાં એક દિવસીય સત્યાગ્રહ કરે તેવું આહવાન પણ કર્યુંહતું. ઉપરાંત તમે બધા પોતપોતાના જિલ્લા મુખ્યાલયમાં જઈને નિવેદન આપો એવી માંગણી વિનેશે કરી હતી.

પત્રમાં કુસ્તીબાજોએ લખ્યું છે કે ભારતીય કુસ્તી મહાસંઘના અધ્યક્ષએ અમારા જેવા ભારતના મહિલા કુસ્તીબાજોનું જાતીય શોષણ કર્યું છે. ફેડરેશનના અધ્યક્ષ પદ પર રહીને તેમણે ઘણીવાર મહિલા કુસ્તીબાજોનું જાતીય શોષણ કર્યું છે. અનેક કુસ્તીબાજોએ તેમના વિરુદ્ધ અવાજ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. પણ તેમની સત્તાની તાકાત સામે કોઈનું કંઈ પણ ચાલ્યું નહીં. અનેક કુસ્તીબાજોનું ભવિષ્ય ધૂળભેગું થઈ ગયું છે.

વધુમાં તેમણે પત્રમાં લખ્યું છે કે હવે પાણી માથા ઉપરથી જઈ રહ્યું છે, તેથી મહિલા કુસ્તીબાજોના સન્માન માટે લઢવા સિવાય અમારી પાસે બીજો કોઈ જ પર્યાય બચ્યો નથી. અમે અમારું જીવન અને અમારી રમત બાજુએ મુકીને અમારી પ્રતિષ્ઠા માટે લઢવાનો નિર્ણય લીધો છે. છેલ્લાં ૨૨ દિવસસથી અમે જંતર-મંતર પર ન્યાય માટે લઢી રહ્યાં છીએ. પણ તેનો કોઈ ફાયદો થઈ રહ્યો નથી. તેમની શક્તી સામે બધા જ આંધળા થઈ બેઠા છે. તેમણે પત્રમાં નોંધ્યું છે કે સત્તાધારી પક્ષના મહિલા સાંસદ હોવાથી અમને તમારી પાસે ઘણી અપેક્ષાઓ છે. તમે અમને મદદ કરો એવી અમારી વિનંતી છે. ન્યાય માટે અમારો અવાજ અને અમારી પ્રતિષ્ઠા બચાવો. અમારું માર્ગદર્શન કરવા તમે જંતર-મંતર પર આવવા માટે થોડો સમય કાઢો. એવી વિનંતી કુસ્તીબાજોએ પત્ર દ્વારા કરી છે.

## એક ગુનામાં ચાર્જશીટ મુકાયુ હોવા છતાં મની લોન્ડ્રીંગ કેસમાં તપાસ ચાલુ હોવાથી જામીન ન મળે

નવીદિલ્હી,

સુપ્રિમ કોર્ટે એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતુ કે અન્ય ગુનાઓ માટે માત્ર ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવાથી તે પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીગ એક્ટ, ૨૦૦૨ (પીએમએલએ)હેઠળનાં શેડયુલ્ડ ગુનાનાં કનેકશનમાં જામીનનો આધાર બની શકે છે.



જસ્ટીસ એમ.આર.શાહ અને સી.ટી.રવિકુમારે બનેલી ખંડપીઠે જણાવ્યું હતુ કે ચાર્જશીટ દાખલ થઈ હોવાથી તે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એકટ ૨૦૦૨ (પીએમએલએ) હેઠળ ગંભીર ગુન્હા માટે જામીન માટેનો આધાર બની શકે નહીં.

જસ્ટીસ શાહે જણાવ્યું હતું કે પીએમએલ ધારા હેઠળના શેડયુલ્ડ ગુના માટેની એન્ફોર્સમેન્ટ ડિરેકટરોરેટ (ઈડી) ની તપાસ અને અન્ય ગુના માટેની તપાસ અલગ અલગ છે. તેલંગણા હાઈકોર્ટનાં આદેશો સામેની ઈડીની અરજીની સુનાવણી કરતાં સર્વોચ્ચ અદાલતે આ અવલોકન કર્યુ હતું. તેલંગણા હાઈકોર્ટે પીએમએલ હેઠળનાં ગુના સંદર્ભમાં આદીત્ય ત્રીપાઠીને જામીન પર મુકત કર્યા હતા. આ સમગ્ર મામલો મધ્યપ્રદેશ વોટર કોર્પોરેશનનાં રૂા.૧,૭૬૯ કરોડના ઈ ટેન્ડર સંબંધીત છે. એપ્રિલ ૨૦૧૯માં ભોપાલની આર્થિક ગુના શાખાએ આઈટી ધારા અને ભ્રષ્ટાચાર નિવારણ ધારાની વિવિધ કલમો હેઠળ ૨૦ વ્યકિતઓ-કંપ્રીઓ સામે એફઆઈઆર દાખલ કરી હતી.

પ્રાથમીક તપાસમાં બહાર આવ્યું છે કે મેસર્સ જીવીપીઆર એન્જીનીયર્સ, મેસર્સ ઈન્ડીયન હ્યુમ પાઈપ કંપ્રી મેસર્સ આઈએમસી પ્રોજેકટ ઈન્ડીયાની બિડમાં ચેડા કરાઈને સૌથી નીચી બીડ બનાવાઈ હતી. તે માટે ૪ જુલાઈ ૨૦૧૯ મા ચાર્જશીટ ફાઈલ થઈ હતી આ પછી બહાર આવ્યું હતુ કે આરોપીઓએ પીએમએલએ હેઠળનાં ગુના પણ આચર્યા છે. તેથી હૈદરાબાદમાં ઈડીએ મની લોન્ડરીંગ તપાસ ચાલુ કરી હતી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતુ કે હાઈકોર્ટનાં આદેશ પરથી લાગે છે કે સંબંધીત આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થઈ હોવાથી તપાસ પુરી થઈ છે. તેવુ કોર્ટે માની લીધુ છે. હાઈકોર્ટે એ નોંધવામાં નિષ્ફળ રહી છે કે મની લોન્ડરીંગ ધારા હેઠળનાં ગુનાના સંદર્ભમાં તપાસ ચાલુ છે.

## ગુજરાતનાં ૨૦૭ જળાશય અડધા ખાલી : સરદાર સરોવર ડેમમાં ૪૮ ટકા પાણી

અમદાવાદ,

ગુજરાતમાં વિધિવત્ રીતે ચોમાસું બેસવાને હજુ એક મહિનાની વાર છે, પરંતુ જો વરસાદ ખેંચાય તો પાણીની સમસ્યા સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે, કારણ કે રાજ્યનાં ૨૦૭ જેટલા જળાશયો અત્યારે અડધો અડધ ખાલી છે જ્યારે ગુજરાત આખાને પીવાનું અને સિંચાઈનું પાણી પૂરું પાડતા સરદાર સરોવર બંધમાં પણ ૪૮ ટકા જેટલું જ પાણી બચ્યું હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની પાર પહોંચી ચૂક્યું છે. ગરમી વધવાની સાથે જ રાજ્યના અનેક જિલ્લામાં પાણીની તંગી ઉભી થવાનો ખતરો વધ્યો છે. રાજ્યનાં ૨૦૭ જળાશયોમાં ૪૩.૧૪ ટકા પાણી છે. ખાસ કરીને રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં અત્યારે ૪,૫૩૦ ક્યૂબિક મીટર પાણી છે, એટલે કે તે ૪૮ ટકા ભરેલો છે.

રાજ્યમાં ઝોન પ્રમાણે જળાશયોમાં પાણીની સ્થિતિ પર નજર નાખીએ તો, ઉત્તર ગુજરાતના ૧૫ ડેમોમાં ૩૫.૯૨ ટકા પાણી, એટલે કે ૬૯૩ ક્યૂબિક મીટર પાણીનો જથ્થો છે. જ્યારે મધ્ય ગુજરાતના ૧૭ ડેમોમાં ૩૬.૧૦ ટકા સાથે ૮૪૧ ક્યૂબિક મીટર પાણીનો જથ્થો છે. આવી જ રીતે દક્ષિણ ગુજરાતના કુલ ૧૩ ડેમમાં ૪૭.૭૫ ટકા એટલે કે ૪,૧૧૮ એમસીએમ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જો સૌરાષ્ટ્રની વાત કરીએ તો, અહીંના ૧૪૧ ડેમોમાં ૨૩.૫૭ ટકા સાથે ૬૧૦ એમસીએમ પાણીનો જથ્થો છે. જ્યારે કચ્છના ૨૦ ડેમોમાં ૩૧.૭૮ ટકા સાથે ૧૦૫ ક્યૂબિક મીટર પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં દર વર્ષે પાણીની તંગીનો પ્રશ્ન સર્જાતો હોય છે. જો કે આ વખતે અહીંના જળાશયોમાં પાણીનો જથ્થો જોતા આ વર્ષે પાણીની તંગીની શક્યતા ઓછી જોવા મળી રહી છે. આવી જ રીતે સૌરાષ્ટ્રના જળાશયોમાં ૨૫ ટકા ઓછું પાણી છે, પરંતુ નર્મદા ડેમમાં હાલ પુરતો પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાથી અહીં પણ કોઈ વાંધો આવે તેમ નથી. સમયસર વરસાદ ન આવે તો સમસ્યા સર્જાવાની શક્યતા નકારી શકાય નહીં, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

## યુએસએ કોન્સ્યુલેટ જનરલ એરિક ગાર્સેટીએ અમદાવાદના હેરિટેજ સ્થળો નિહાળ્યા



અમદાવાદ,

અમેરિકાના કોન્સ્યુલેટ જનરલ એરિક ગાર્સેટીએ અમદાવાદમાં સાબરમતિ આશ્રમની મુલાકાત લીધી હતી. તેમણે અમદાવાદના હેરિટેજ સ્થળોને નિહાળ્યા હતાં અને કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કર્યા હતાં. તેઓએ ગિફ્ટ સિટીમાં રાજકીય અને સામાજિક લીડર્સને મળ્યા હતાં. તેમણે કહ્યું હતું કે, સાબરમતિ આશ્રમની મુલાકાત લઈને કંઈક નવી જ અનૂભૂતિ થઈ હતી. અમદાવાદમાં આપની સાથે આ એક યાદગાર મુલાકાત છે. તેમણે ઉમેર્યું હતું કે, શહેરના હેરિટેજ સ્થળોને નિહાળવાનો આનંદ કંઈક અલગ છે. શહેરમાં મહિલાઓ માટે કામ કરતી સંસ્થાની મુલાકાત પણ કરી છે. તે ઉપરાંત ગિફ્ટ સિટીમાં બિઝનેસ મેન સાથે પણ ચર્ચાઓ કરી છે. તે ઉપરાંત ગુજરાતના રાજકિય તથા સામાજિક લીડરો સાથે દ્વીપક્ષીય ચર્ચાઓ પણ કરી છે. અમદાવાદમાં સાબરમતિ આશ્રમ મહાત્મા ગાંધીજીના અહિંસાના સંદેશ અને ભારતની લોકશાહીના કાયમી પ્રતિક તરીકે અડીખમ ઉભો છે. એક રાજદૂત તરીકે દિલ્હી બહારની મારી આ મુલાકાત લોકો સાથે વાત કરવા માટેનું યોગ્ય સ્થાન છે. મારી અમદાવાદ મુલાકાત ગુજરાત અને અમેરિકા માટે ભારતનું મહત્વ દર્શાવે છે. તેમણે એવા પણ સંકેતા આપ્યા હતાં કે, ભારતીય વિદ્યાર્થી ઓને વધુ વિઝા મળે અને અમેરિકા જવા માગતા ભારતીયોને વિઝા માટે ઓછો સમય રાહ જોવી પડે, વિઝા બેક લોગ ઘટે તેના પ્રયાસ કરશે. આગામી જૂન મહિનામાં ભારતના વડાપ્રધાન મોદી અમેરિકાની મુલાકાત લેવાના છે. તેને લઈને મને ખૂબજ ઉત્સાહ છે અને તેમની તથા અમેરિકન રાષ્ટ્રપ્રમુખ બાઈડન સાથેની મુલાકાત ઐતિહાસિક હશે તેમ તેમણે કહ્યું હતું.

## કોર્ટે ઈસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિકની અરજીને ફગાવી દીધી, સેવામાંથી બરતરફી સામે અપીલ કરી હતી

નવીદિલ્હી,

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) દ્વારા તેમની સેવામાંથી બરતરફીને પડકારતી ભૂતપૂર્વ વૈજ્ઞાનિકની અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે અને કહ્યું છે કે સ્પેસ એજન્સી પર દક્ષિણ કોરિયાની રોકેટ સાયન્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સાથે અનધિકૃત જોડાણનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેની ઈમાનદારી અને સત્યનિષ્ઠા પર શંકા કરવી ઉચિત હતી.

સુપ્રીમ કોર્ટ તિરુવનંતપુરમમાં ઈસરોના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક વી.આર. તે સનલ કુમારની વિશેષ રજા અરજી પર સુનાવણી કરી રહી હતી. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ અને કેરળ હાઈકોર્ટ દ્વારા બરતરફ કરવાના આદેશને વૈજ્ઞાનિક દ્વારા એક અરજીમાં પડકારવામાં આવ્યો હતો.

૧૯૯૨માં ઈસરોમાં જોડાનાર કુમારને તેમના એમ્પ્લોયરની પરવાનગી વિના અને પ્રોફેસર એચડી કિમની મદદ કર્યા વિના દક્ષિણ કોરિયાની યુનિવર્સિટીમાં જોડાવા બદલ ૧ સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ તાત્કાલિક અસરથી બરતરફ કરવામાં આવ્યા હતા. સીએટી અને કેરળ હાઈકોર્ટના ચુકાદાઓને સમર્થન આપતા જસ્ટિસ એમ.આર. જસ્ટિસ શાહ અને સીટી રવિકુમારની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે અરજદારના અનધિકૃત જોડાણને કારણે, એમ્પ્લોયર તેની પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા પર શંકા કરવા માટે ન્યાયી છે.

## તબીબો માટે દર પાંચ વર્ષે લાયસન્સ રીન્યુઅલ ફરજીયાત : ૩ માસમાં રજીસ્ટ્રેશન નંબર લેવો પડશે

નવી દિલ્હી,

કેન્દ્ર સરકાર દ્વારા હવે દેશભરનાં તબીબો માટે દર પાંચ વર્ષે લાયસન્સ રીન્યુ કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યુ હતું.તબીબી જગતમાં આ પગલાનાં મીશ્ર પ્રત્યાઘાતો પડયા છે. કેન્દ્ર સરકારે ઈસ્યુ કરેલા નોટીફીકેશન પ્રમાણે ઈન્ડીયન મેડીકલ રજીસ્ટર અથવા સ્ટેટ મેડીકલ રજીસ્ટરમાં નોંધાયા હોવા છતાં રજીસ્ટ્રેશન ઓફ મેડીકલ પ્રેકટીશનર્સ એન્ડ લાયસન્સ ટુ મેડીસન રેગ્યુલેશન ૧૦૨૩ ની જોગવાઈ અંતર્ગત રજીસ્ટ્રેશન નંબર નહિ ધરાવતા તબીબોએ ત્રણ મહિનામાં એથિકવ એન્ડ મેડીકલ રજીસ્ટ્રેશન બોર્ડનાં વેબપોર્ટલમાં નોંધણી અપગ્રેડેશન ફરજીયાત છે. એક વખતની પ્રક્રિયા અંતર્ગત રજીસ્ટ્રેશન નંબર મેળવવો પડશે અને આ લાયસન્સ પાંચ વર્ષ સુધી માન્ય રહેશે. નોટીફીકેશનમાં જણાવાયા પ્રમાણે મેડીકલ પ્રેકટીશનર્સ લાયસન્સ અપડેટ કરવાની પ્રક્રિયામાં કોઈ ફી ચુકવવાની રહેતી નથી. સરકારના આ પગલાના તબીબી જગતમાં મીશ્ર પ્રત્યાઘાતો પડયા છે. એક વર્ગનું એવુ માનવુ છે કે આ કારણથી દેશભરમાં પ્રેકટીસ કરતા તબીબોની માહીતી ઉપલબ્ધ થશે જયારે બીજો વર્ગ ઝંઝટ વધવાનો મત દર્શાવે છે. ઈન્સ્ટીટયુટ ઓફ લીવર સાયન્સનાં વાઈસ-ચાન્સેલર ડો.એસ.કે.સહીને કહ્યું કે આ કદમ આવકાર્ય છે. ૨૦૧૦ માં જ આ દરખાસ્ત થઈ હતી અને યુઆઈડીની રચના થઈ હતી. રજીસ્ટ્રેશન નંબર અર્થાત આઈડી આજીવન રહેશે. તબીબ નવી ડીગ્રી મેળવે તો અપડેટ થશે. ઉપરાંત એથિકલ બાબતો પણ તેમાં દર્શાવાશે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા મેડીકલ એસોસીએશનના સ્થાપક ડો.મનીષ જંગરાએ કહ્યું કે એનએમસીમાં તબીબની ફરજીયાત નોંધણીથી પ્રક્રિયા વધુ ઝંઝટભરી થશે અને રાજય કાઉન્સીલરોની સ્વાયતતાને નુકશાન થશે એટલુ જ નહિં ફરીયાદો માટે એનએમસી સુધી પહોંચવાનું કયારેય સરળ નહીં હોય.

## બજરંગ દળ પર ખડગે ફસાયા, ૧૦૦ કરોડના માનહાનિ કેસમાં કોર્ટે સમન્સ મોકલ્યું

નવીદિલ્હી,

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને સંગરુરની એક અદાલતે માનહાનિના કેસમાં સમન્સ પાઠવ્યા છે. સંગરુરમાં હિન્દુ સુરક્ષા પરિષદ બજરંગ દળ હિંદના હિતેશ ભારદ્વાજે સ્થાનિક કોર્ટમાં તેમની સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. એવો દાવો કરવામાં આવે છે કે કોંગ્રેસ અધ્યક્ષે કર્ણાટક ચૂંટણી દરમિયાન બજરંગ દળ પર 'અપમાનજનક ટિપ્પણી' કરી હતી.



કથિત અપમાન બદલ બજરંગ દળ હિંદે તેમની પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે. સંગરુર સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ) રમનદીપ કૌરે કોંગ્રેસ અધ્યક્ષને ૧૦ જુલાઈએ હાજર થવા કહ્યું છે. હિતેશે દાવો કર્યો હતો કે કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બજરંગ દળની તુલના ''રાષ્ટ્ર વિરોધી સંગઠન'' સાથે કરી હતીપ અને કર્ણાટકમાં સરકાર બને તો બજરંગ દળ પર પ્રતિબંધ મૂકવાની વાત કરી હતી.

વિહિપની યુવા પાંખએ દાવો કર્યો છે કે કોંગ્રેસે મેનિફેસ્ટોના પેજ નંબર ૧૦ પર બજરંગ દળ પર પ્રતિબંધ મૂકવાનું વચન આપ્યું છે. એવો દાવો કરવામાં આવે છે કે કોંગ્રેસ અધ્યક્ષે બજરંગ દળની તુલના પ્રતિબંધિત સંગઠન પીએફઆઈ અને સ્ટુડન્ટ ઈસ્લામિક મૂવમેન્ટ્સ ઑફ ઈન્ડિયા સાથે કરી હતી. વિહિપના ચંદીગઢ યુનિટે ૪ મેના રોજ કોંગ્રેસ અધ્યક્ષને કાનૂની નોટિસ મોકલીને વિહિપ અને બજરંગ દળને ૧૪ દિવસની અંદર ૧૦૦ કરોડ રૂપિયા ચૂકવવા જણાવ્યું હતું.

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે વચન આપ્યું છે કે જો તે સત્તામાં આવશે તો સરકાર નિર્ણાયક પગલાં લેશે અને પીએફઆઈ, બજરંગ દળ જેવા સંગઠનો પર પ્રતિબંધ લગાવશે. કોંગ્રેસના ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે પીએફઆઈ અને બજરંગ દળ જેવા સંગઠનો જાતિ અને ધર્મના આધારે સમાજમાં નફરત ફેલાવી રહ્યા છે. મેનિફેસ્ટો જાહેર થયા બાદ બજરંગ દળે કર્ણાટક સહિત અન્ય રાજ્યોમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ વિવાદ પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે પાર્ટીએ તેનો જવાબ આપી દીધો છે. જ્યારે પાર્ટીએ સ્પષ્ટ કરી દીધું છે કે, 'હું આ અંગે કોઈ અભિપ્રાય આપવા માંગતો નથી.' પાર્ટીનો મેનિફેસ્ટો ખુદ ખડગેની હાજરીમાં બહાર પાડવામાં આવ્યો હતો.

## હલ્દીઘાટી હોય કે ગલવાન ઘાટી, ભારતનું માથું હંમેશા ઊંચું રહ્યું છે અને રહેશે : રાજનાથ સિંહ

ઔરંગાબાદ,

રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગત દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં પીએમ મોદીએ મહત્વની ભૂમિકા ભજવી હતી અને પીએમએ હંમેશા ભારતનું માથું ઊંચું રાખવાનું કામ કર્યું છે. રાજનાથે સિંહે કહ્યું કે પીએમ મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી સાથે વાત કરી. તેમણે જરૂર પડ્યે અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સાથે પણ વાત કરી હતી. યુક્રેનમાં ફસાયેલા ૨૨,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને બચાવી શકાય અને ઘરે પાછા ફરવા માટે યુદ્ધ થોડા સમય માટે બંધ થઈ ગયું. આ વિદ્યાર્થીઓના માતા-પિતા પીએમ મોદી પાસે તેમને બચાવવાની માંગ કરી રહ્યા હતા, જેને તેમણે પ્રાથમિકતાના આધારે પૂરી કરી. ઔરંગાબાદમાં મહારાણા પ્રતાપ મહાસંમેલનને સંબોધતા રાજનાથ સિંહે કહ્યું કે મને પીએમ મોદી પર ગર્વ છે, જેમણે એવું કામ કર્યું જે કોઈ અન્ય દેશ કરી શક્યું નથી. મહારાણા પ્રતાપની બહાદુરી, બલિદાન અને હલ્દીઘાટીના યુદ્ધ વિશે વાત કરી. તેમણે કહ્યું કે મહારાણા પ્રતાપે ઘાસની બનેલી રોટલી ખાધી, પરંતુ પોતાના સ્વાભિમાન સાથે ક્યારેય સમાધાન કર્યું નહીં. જો તમે તેમના સમર્પણને સમજો તો તેમનો સમય મહારાણા કાળ કહેવાશે, મુઘલ કાળ નહીં. મહારાણા પ્રતાપે ક્યારેય અકબર સામે ઝુકાવ્યું ન હતું અને તેમણે તેમના મેવાડને લગભગ અજેય રાખ્યું હતું. મંત્રીએ કહ્યું કે મેવાડ હોય, હલ્દીઘાટી હોય કે ગલવાન, ભારતનું માથું હંમેશા ઉંચુ રહ્યું છે અને રહેશે. અને વધુમાં રાજનાથ સિંહે કહ્યું કે ભારતની શસ્ત્રોની નિકાસ, જે ૨૦૧૪માં રૂ. ૯૦૦ કરોડ હતી, તે વડાપ્રધાન તરીકે મોદીના કાર્યકાળ દરમિયાન વધીને રૂ. ૧૬,૦૦૦ કરોડથી વધુ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે દેશને આત્મનિર્ભર બનાવવા પર ભાર મુકવા બદલ આપણે નરેન્દ્ર મોદીનો આભાર માનવો જોઈએ.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સંતરામપુર ખાતે નવનિર્મિત થનાર નવીન ST ડેપો વર્કશોપનું ખાતમુહૂર્ત શિક્ષણ મંત્રીનાં હસ્તે કરાયું

મહીસાગર,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સંતરામપુર ખાતે નવનિર્મિત થનાર નવીન એસ ટી ડેપો વર્કશોપનું ખાતમુહૂર્ત સમારોહ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડૉ.કુબેરભાઇ ડિંડોરના હસ્તે કરવામાં આવ્યું.



આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ.કૂબેરભાઈ ડિંડોર એ જણાવ્યું હતું કે, આજે સંતરામપુરની ઐતિહાસિક ભૂમિ પર નવીન એસ ટી ડેપો વર્કશોપનું અંદાજીત રૂ.૪૧૫.૩૧ લાખના ખર્ચે તૈયાર થશે આ નવીન વર્કશોપ થકી એડમીન રૂમ, ઈલેક્ટ્રિક રૂમ, વોટર રૂમ, ઓઈલ રૂમ, વોશ એરિયા, સ્ટોર રૂમ, સર્વિસ પીટ જેવી અનેક સુવિધાઓ ઉપલબ્ધ થશે આ વર્કશોપ થકી બસોને સલામત રાખવામાં વધુ સરળતા રહેશે. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ પ્રસંગે મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથાર, મહીસાગર કલેકટર ભાવિન પંડ્યા,પોલીસ વડા આર.પી. બારોટ, તાલુકા પંચાયત પ્રમુખ, એસ.ટી વિભાગીય નિયામક ડી.આર.ડિંડોર, સંતરામપુર પ્રાંત અધિકારી સહિત એસ.ટી વિભાગના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વસુધૈવ કુટુમ્બકમ થીમથી બનાવેલ ૨૫૫૫ મું વોટર કલર પેઈન્ટિંગ શિક્ષણમંત્રીના માધ્યમથી ભારતના જી-૨૦ પ્રમુખપદને કર્યું અર્પણ

મહિસાગર,

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના છાંયણ જેવા નાના ગામમાંથી આવતા આર્ટિસ્ટ બિપિન પટેલે રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવવાની તપસ્યાથી ખૂબ પ્રસિધ્ધિ મેળવી છે. તેમની આ કલા સાધનામાં સાત વર્ષની પૂર્ણતાએ તેમનું ચાયાવર પક્ષીઓનું બનાવેલું ૨૫૫૫ મું પેઈન્ટિગ ભારતના જી–૨૦પ્રમુખપદને અર્પણ કર્યું છે. રાજયના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરના માધ્યમથી આ પેઈન્ટિંગ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યાલય સુધી પહોંચાડવા અપીલ કરી છે. શિક્ષણમંત્રીએ તેમની કલાભાવનાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



સતત સાત વર્ષથી રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવવાની અવિરત કલાસાધનાના આ વિશેષ દિવસે બનાવેલ વોટર કલર પેઈન્ટિંગ વિષે આર્ટિસ્ટ બીપીન પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩ની જી–૨૦ સમિટનું સુકાન ભારતના હાથમાં છે. ભારતના જી–૨૦ પ્રેસિડેન્સીની થીમ વસુધૈવ કુટુમ્બકમ એક પૃથ્વી– એક કુટુંબ – એક ભવિષ્ય જાહેર કરવામાં આવી છે, જેને પર્યાવરણ સાથે પણ ગાઢ સંબધ છે. રેફ્યુજી ફિલ્મનું એક ગીત છે કે ‘‘પંછી, નદિયા પવન કે ઝોંકે કોઈ સરહદ ના ઈસે રોકે..‘‘ મારા આ ચિત્રમાં ચાયાવર પક્ષીઓ દેશ વિદેશથી આવે છે તે દર્શાવવાનો પ્રયાસ કર્યો છે..માણસોને સરહદોના સીમાડા નડે છે પક્ષીઓ અને કુદરત આખી દુનિયાને પોતાનું કુટુંબ માને છે એ કોઈ ભેદ રાખતી નથી એમ કલાને પણ કોઈ સીમાડા હોતા નથી ત્યારે આ સાતમા વર્ષનું ૨૫૫૫ પેઈન્ટિંગનું માઈલ સ્ટોન સર કરૂં છું ત્યારે મારૂં આ પેઈન્ટિંગ ભારતના જી–૨૦ પ્રેસિડેન્સીની થીમ વસુધૈવ કુટુમ્બકમ એક પૃથ્વી–એક કુટુંબ– એક ભવિષ્યને અર્પણ કરી મારો કલાભાવ વ્યકત કરૂં છું.

અત્રે નોંધનીય છે કે આર્ટીસ્ટ બીપીન પટેલે વિશ્વસ્તરે અને રાષ્ટ્રીયસ્તરે નામના મેળવી પોતાની કલાયાત્રામાં અનેક કીર્તિમાન સ્થાપ્યા છે. સંતરામપુર તાલુકાના છાંયણ જેવા નાના ગામમાંથી આવતા બિપિનભાઇ પટેલે વોટર કલરથી ગ્રામ્યજીવન, ધબકતું શહેર ખુબ જ સુંદર રીતે કંડાર્યું છે. નારગોલથી ડિપ્લોમા ફાઈન અને બરોડા યુનિવરસિટી માંથી ફાઈન આર્ટ માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરેલો છે. તેઓના સતત રોજ એક વોટર કલર પેઈન્ટિંગના ૧૦૦૦ દિવસ અને ૧૫૦૦ દિવસ અને ૨૩૦૦ દિવસ પૂર્ણ થયા ત્યારે પણ ઈન્ડીયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. યુનેસ્કો દ્વારા આયોજીત હેરિટેજ રાણકી વાવ પાટણ ખાતે દર વર્ષે યોજાતી લાઈવ પેઈન્ટિંગ સ્પર્ધા માં સળંગ ચાર એવોર્ડ મેળવેલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું જન્મસ્થાન વડનગર ઉપર બનાવેલ વોટરકલર પેઈન્ટિંગે દિલ્હી ખાતે પ્રધાનમંત્રીની ઓફિસમાં શોભા વધારી છે. એ ઉપરાંત ગુજરાત કલા પ્રતિષ્ઠાન દ્વારા બેસ્ટ લેન્ડસ્કેપ અને ગુજરાત યાત્રાધામ વિકાસબોર્ડ દ્વારા આયોજીત સોમનાથ ક્લાયજ્ઞ ૨૦૧૭ ભારત ભરથી આવેલ ચિત્રકારો વચ્ચે બિપિનભાઈને વિશેષ સન્માન એવોર્ડ મળ્યો હતો.

વૈશ્વિક મહામારીની મુશ્કેલ પરિસ્થિતિમાં પણ કલાસાધનાને અવિરત રાખી હતી. તેમના કોરોનાકાળમાં જનજાગૃતિ દર્શાવતા અનેક ચિત્રો મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં તેમણે ગુજરાત સહિત દેશભરમાં અનેક આર્ટ કેમ્પ યોજયા છે. વધુમાં ઓનલાઈન કેમ્પના માધ્યમથી ચિત્રકળા શીખનારા અનેક કલા જીજ્ઞાસુઓએ તેમની પાસેથી વિશેષ કલા પધ્ધતિ શીખી છે.

## બાલાસિનોર ઓથવાડથી ભાથલ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના અથવાળ થઈને ભાથલા ગામને જોડતો માર્ગ વીસ વર્ષ અગાઉ તંત્ર દ્વારા બનાવાયો હતો. જે માર્ગ હાલ બિસ્માર થઈ જતાં ત્યાંથી પસાર થતાં વાહનચાલકોને નાના–મોટા અકસ્માતનો સામનો કરવાનો વારો આવ્યો છે.

બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામની ભાથલા ગામને જોડતો ડામર રોડ પર મસમોટા ખાડાઓ પડી જવાના કારણે આ માર્ગ પરથી પસાર થવુ મુશ્કેલ બન્યુ છે. આ માર્ગ અતિશય સાંકડો હોવાના કારણે પણ એક વાહન આવે તો બીજુ વાહન કયાં ઉભુ રાખુ તે મોટી સમસ્યા છે. જેથી આ માર્ગનુ તાત્કાલિક ધોરણે રિપેરીંગ કરાવી નવો માર્ગ બનાવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે. હાલ પણ આ માર્ગ પર વધુ પડતા ખાડાઓના કારણે અકસ્માતોના રોજ નાના–મોટા બનાવો બનતા રહે છે. રાજ્ય પંચાયત વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ આ માર્ગ રિસર્ફેસિંગ માટે મંજુર કરી દેવામાં આવ્યો છે. જેની ટેન્ડર પ્રક્રિયા હાલ પુર્ણ થઈ છે. તેમજ વર્કઓર્ડર મળતા કામ ચાલુ કરી દેવાશે.

## મહીસાગર જીલ્લાના ઉમેદવારોને તાલીમ મળી રહે તે માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જીલ્લા રોજગાર કચેરી, મહીસાગર દ્વારા અરજી મંગાવવામાં આવી

મહિસાગર,

આર્મી રીક્રુટીંગ ઓફીસ અમદાવાદ દ્વારા અમદાવાદ ખાતે લશ્કરી ભરતીમેળો યોજાનાર છે. આર્મી માં જોડાવવા માંગતા મહીસાગર જીલ્લાના ઉમેદવારોને તાલીમ મળી રહે તે માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જીલ્લા રોજગાર કચેરી, મહીસાગર દ્વારા અરજી મંગાવવામાં આવે છે. આ તાલીમમાં વિના મુલ્યે રહેવા અને જમવાની સુવિધા રાખેલ છે. ૧૭.૫ થી ૨૦ વર્ષ સુધીની વય ધરાવતા અને ૧૦ મુ ધોરણ – ૪૫ ટકાથી વધુ અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેમજ ૧૬૮ સેમી કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા (એસ.ટી માટે ૧૬૨ સે.મી કે તેથી વધુ) તેમજ ૫૦ કી.ગ્રા વજન અને ૭૭ થી ૮૨ સે.મી છાતી ધરાવતા અપરણિત પુરૂષ ઉમેદવારોને તા.૧૫/૦૫/૨૦૨૩થી ૨૬/૦૫/૨૦૨૩ સુધીમાં ક્ચેરી સમય દરમિયાન પાસપોર્ટ ફોટા, એલ.સી, માર્કશીટ, જાતિનો દાખલો, ડોમિસાઈલ પ્રમાણપત્ર, બેંક પાસ બુક, આધાર કાર્ડ સાથે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજી જીલ્લા રોજગાર કચેરી, રૂમ નંબર ૨૨૨,૨૨૩ મહીસાગર, કલેકટર કચેરી કંપાઉન્ડ, બીજો માળ, લુણાવાડા, જી. મહીસાગર ખાતે રૂબરૂ માં કરવાનીરહેશે. વધુ માહિતી માટે હેલ્પ લાઈન નંબર ૬૩૫૭ ૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારીની યાદીમાં જણાવેલ છે.

## ખાનપુરના કોલંબી ગામે કેબલ તુટતા બે દિવસથી અંધારા ઉલેચતા ગ્રામજનો

ખાનપુર,

ખાનપુર તાલુકાના કોલંબી ગામમાં બે દિવસ પહેલા સુકુ ઝાડ પડવાના કારણે કેબલ તુટ્યો હતો. જે કેબલને જોઈન્ટ કરવા માટે ગ્રામજનોએ એમજીવીસીએલમાં રજુઆત કરતા એમજીવીસીએલના માણસો આવ્યા પરંતુ કેબલ જોઈન્ટ કરવાના બદલે ઉતારી લીધો હતો. અને ગ્રામજનોના ના કહેવા છતાં પોતાની મનમાની કરી ચાલ્યા જતા ૧૦૦ થી ૧૫૦ ઘરોમાં અંધારપાટ રહ્યો હોવાનુ ગ્રામજનો જણાવી રહ્યા છે. નિશાળ ફળિયામાં વીજ કંપની દ્વારા ઉભી કરાયેલી ટી.સી.ના ફ્યુઝ બોક્ષ તેમજ વાયર જર્જરિત હાલતમાં છેલ્લા એક વર્ષ ઉપરાંતથી એ.ટી.સી. ઉપર ફ્યુઝ બોક્ષ ઝરાય કટાઈ ગયેલા હતા. કેબલ વાયર પણ જર્જરિત થઈ ગયા હતા. જેના કારણે તો ઘણી વખત વીજ પ્રવાહ વધી જતા ઘરના ઉપકરણોએ પણ નુકસાન ભોગવ્યુ છે. બીજી તરફ એ ટી.સી.ખેતરોમાં આવેલ હોવાથી ચાલુ વીજપ્રવાહ વાળા ખુલ્લા બોક્ષ વાયરો જમીન પર અડકી રહેલા જેના કારણે પશુ તથા ખેડુતોને અકસ્માતે વીજ કરંટ લાગવાનો ભય સતત સતાવી રહ્યો છે. આ અંગે ગ્રાહકો દ્વારા ભંગાર હાલતમાં જોવાતા બોક્ષ તેમજ કેબલ વાયરને બદલવા માટે અનેકવાર રજુઆત કરી રિપેર કરવામાં આવ્યુ નથી. ત્યારે ફરી એકવાર તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે જેથી ગ્રામજનોને લાઈટ વગર અંધારામાં રહેવાનો વારો આવ્યો છે.

## વિરપુરના જાંબુડી ગામે ચુલા પર રસોઈ બનાવતી મહિલા દાઝી જતા મોત

વિરપુર,

વિરપુર તાલુકાના જાંબુડી ગામમાં રહેતી ગર્ભવતી મહિલાનુ ઘરે ચુલા પર રસોઈ બનાવતા સમયે સાડી સળગી જતા દાઝી જવાથી મોત નીપજયું હતું.

વિરપુર તાલુકાના ખાટા ગામના વર્ષાબેન વાઘાભધાઈના લગ્ન ૧૩ વર્ષ પહેલા કોયડમ ગ્રામ પંચાયત વિસ્તારના જાંબુડી પરા વિસ્તારમાં રહેતા લેબાભાઈ ભુરાભાઈ બારીયા સાથે થયા હતા. તેમને એક ૧૩ વર્ષની અને બીજી ૪ વર્ષની બે બાળકીઓ છે. તેમજ હાલમાં તેઓ ગર્ભવતિ હતા. વર્ષાબેન તેમના ઘરે ચુલા ઉપર રસોઈ બનાવી રહ્યા હતા તે સમયે તેમની સાડીનો છેડાને ચુલાની ઝાળ લાગતા તેમની સાડી સળગવા લાગી હતી. જેમાં વર્ષાબેન પણ આગની જ્વાળામાં લપેટાઈ ગયા હતા. જેના કારણે તેઓ ગંભીર રીતે દાઝ્યા હતા. તેમની બુમાબુમ સાંભળી ઘરના સભ્યો તેમજ પાડોશીઓ દોડી આવી વર્ષાબેનને સારવાર માટે વિરપુર સીએચસી ખાતે લઈ જવાયા હતા જ્યાં તેમનુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. બનાવ અંગે વિરપુર પોલીસને જાણ કરાતા પોલીસે વિરપુર સરકારી દવાખાને પેનલ ડોકટરો દ્વારા લાશનુ પી.એમ. કરાવી લાશને તેમના સંબંધિઓને સોંપી હતી. તેમજ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પરમ મિત્ર



જીજ્ઞા કપુરીયા (નિયતી)

‘‘મિત્ર’’ કોને કહેવાય?

જે તસ્વીરમાં નહીં પણ

તકલીફમાં સાથ આપે એ

મિત્ર.....

જીવનપંથ પર પગ લપશે તો,

‘‘ગભરાઈશ નહીં હું છું ને એ

કહેનાર મિત્ર......

મારી ત્રેવડ ને તાકાત બધું તારૂ

એ કહેનાર મિત્ર....

દોસ્તો મિત્ર એક એવો ચોર છે

જે,

આંખોમાંથી આંસુ, મુખની મલિનતા, દિલ નો ખાલીપો,જીવનનાં દર્દ,

હસ્તરેખામાંથી મોતની લકીર પણ ચોરી લે છે.

દોસ્તો મિત્રતાને કદી પૈસા થી ન આંકતા કારણ વફાદાર મિત્ર હંમેશા

ગરીબ જ હોય છે.

જીવનમાં કોણ આગળ ને કોણ પાછળ? એ જાણવા કરતાં કોણ

સાથે છે? એ જાણવું વધારે જરૂરી છે.

ગૌતમબુદ્ધે પણ મિત્ર માટે ખુબ સરસ કહ્યું છે.

એમણે કહ્યું છે કે મિત્ર ચાર પ્રકારનાં હોય છે.

(૧) સાચા પરોપકારી અને સંસ્કારી.

(૨) સુખ–દુઃખમાં સાથ આપવાવાળા.

(૩) જીવનનો સાચોમાર્ગ બતાવવાવાળા.

(૪) સદા અનુકંપા કરવાવાળા...

જીવનમાં ભલે એકલાં ચાલવું પડે પણ મુર્ખ વ્યકિતની મિત્રતા કદી ન

કરવી.

જીવનનીરાહમાં તમને કોઈ હોશિયાર, સુમાર્ગે ચાલવાવાળા, ધૈર્યવાન મિત્ર મળી જાય તો બધાંજ વિઘ્ન અને બાધાંઓથી મુક્ત થઈ શકીએ છીએ.

મિત્રનું નામ પડે અને કૃષ્ણ સુદામાને યાદ ન કરીએ એ કેમ ચાલે. એ વાત જુદી છે કે આજે સુદામા જેવા ગરીબમિત્ર કોઈને ગમતાં નથી. આમાં વાંક તમારો નથી નાનપણથી જ તમારા મગજમાં એ બીજ વાવી દીધાં છે કે મિત્ર તો સમોવડિયો જ હોવો જોઈએ. કોઈ ગરીબ સુદામા ને તમારો મિત્ર બનવાનો કોણજાણે કેમ હકક જ નથી.બધાંને પોતાના Statusની જ પડી છે. Statusનો મુખવટો પહેરીને બેઠેલો માનવી એ જાળવવા માટે ગાલ પર લાફો મારીને પણ ગાલ રાતા રાખે છે.

આપણે વાત કરતાં હતાં કૃષ્ણ સુદામાની.અહીં મને એક પ્રશ્ન થાય છે કે શું કૃષ્ણ અને સુદામા સાચા મિત્ર હતાં?

જો સુદામા કૃષ્ણને મિત્ર માનતાં હતાં તો કૃષ્ણને પોતાનું દુઃખ કહેવામાં સંકોચ કેમ? કૃષ્ણ પણ સુદામાને મિત્ર માનતાં હતાં તો એમણે સુદામાની ભાળ કેમ ન લીધી?

સુદામાને મદદ માંગવા કેમ જવું પડ્યું? આમાં પણ તમે કહેશો કે સમય પહેલાં કોઈને કાંઈ મળતું નથી આથી કૃષ્ણ ન ગયાં પણ દોસ્તો મિત્રતાને સમય સાથે શું લાગેવળગે.

મારા માટે તો સાચો મિત્ર એટલે તારામારાનો ભેદભાવ ભુલીને એકબીજાને મદદરૂપ થાય પછી જરૂરી નથીકે બે પુરૂષ કે બે સ્ત્રી જ સાચા મિત્ર હોય શકે. ઘણીવખત વિજાતીય વ્યકિત પણ સાચામિત્ર હોય છે પણ આપણો સમાજ એને હંમેશા પ્રશ્નાર્થ ભરી નજરોથી જ જુએ છે.

શાસ્ત્રોમાં પણ એનાં ઉદાહરણ છે જેમ કે કૃષ્ણ અને દ્રૌપદી.

દોસ્તો કહેવાનો તત્પર્યઁ એ છે કે જીવનપંથ પર જયારે આવો સાચો મિત્ર તમને રાહ બતાવે તો એનો સાથ તમે જીવનભર નહીં છોડતાં. સમાજને અવગણીને આગળ વધજો.........

## જૂનાગઢમાં ગિરનાર પર વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ, ભારે પવનના કારણે રોપ-વે સેવા બંધ કરાઈ

જૂનાગઢ,

જૂનાગઢ જિલ્લામાં આજે વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. આજે જૂનાગઢમાં આવેલા ગીરનાર પર્વત પર વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. જૂનાગઢમાં ખૂબ જ તેજ ગતિથી પવન ફુંકાઇ રહ્યો છે. ત્યારે ગીરનાર પર્વત પર રોપ-વે સેવા પણ બંધ કરવામાં આવી છે. જેના કારણે અહીં આવેલા યાત્રાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભક્તોને પગથિયા ચડીને જ ગિરનાર પર જવાની ફરજ પડી રહી છે. પવનની ગતિ ધીમી પડતા રોપ-વે સેવા ફરી કાર્યરત કરવામાં આવશે.

જૂનાગઢમાં ગિરનાર પર્વત પર ભારે પવનના કારણે રોપ વે સેવા ખોરવાતા મુસાફરોની ભારે હાલાકી થઈ રહી છે. જો કે શ્રદ્ધાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને રોપ વે સેવા બંધ રાખવામાં આવી છે.જૂનાગઢ જિલ્લામાં ભારે પવન અને વાદળછાયા વાતાવરણના પગલે ગિરનાર પરની રોપ-વેને બંધ કરવાની ફરજ પડી છે. પવનની ગતિ ધીમી પડશે ત્યારે રોપ-વે શરૂ કરવામાં આવશે. ગિરનાર પર્વત ન ચઢી શકતા મોટી ઊંમરના લોકો તેમજ બાળકોને લઈને આવેલા લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

## ડીકે શિવકુમારે કોંગ્રેસ હાઈકમાન્ડની ફોર્મ્યુલા ફગાવી, ફસાઈ ગયા!

## કોંગ્રેસ પાર્ટી એક છે, ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા વચ્ચે કોઈ વિવાદ નથી : ત્રણ નિરીક્ષકો પૈકીના એક જીતેન્દ્રસિંહ

નવીદિલ્હી,

ર્ણાટકના આગામી મુખ્યમંત્રી કોણ હશે? આ પ્રશ્નને લઈને કોંગ્રેસ પક્ષમાં મંથન ચાલી રહ્યું છે. દરમિયાન, સૂત્રોના જણાવ્યા અનુસાર, કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ ડીકે શિવકુમારે કોંગ્રેસ હાઈકમાન્ડના પ્રસ્તાવને ઠુકરાવીને પાર્ટીને મોટો ઝટકો આપ્યો છે. હકીકતમાં, પાર્ટી હાઈકમાન્ડે પ્રસ્તાવ મૂક્યો હતો કે સિદ્ધારમૈયા પ્રથમ બે વર્ષ માટે મુખ્ય પ્રધાન રહેશે અને ડીકે શિવકુમારને બાકીના ત્રણ વર્ષ માટે મુખ્ય પ્રધાન બનાવવામાં આવશે. કેન્દ્રથી કર્ણાટક પહોંચેલા નિરીક્ષકોએ આ પ્રસ્તાવ શિવકુમારને આપ્યો હતો, પરંતુ શિવકુમારે આ પ્રસ્તાવને ફગાવી દીધો છે. શિવકુમારને મળેલા આંચકા બાદ પાર્ટી હવે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી અને પાર્ટી અધ્યક્ષની ફોર્મ્યુલા પર વિચાર કરી રહી છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટી સિદ્ધારમૈયાને મુખ્યમંત્રી બનાવી શકે છે અને ડીકે શિવકુમારને નાયબ મુખ્યમંત્રી પદ આપી શકે છે. આ સાથે શિવકુમારને પાર્ટી અધ્યક્ષ પદ પર પણ જાળવી રાખવામાં આવી શકે છે. જોકે, સિદ્ધારમૈયા ટૂંક સમયમાં દિલ્હીમાં હાઈકમાન્ડને મળવાના છે. તેઓ સ્પેશિયલ પ્લેનમાં કર્ણાટકથી દિલ્હી પહોંચ્યા છે એવું કહેવામાં આવી રહ્યું છે કે ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામ પર સહમતિ બની ગઈ છે. મુખ્યમંત્રીને લઈને હજુ પણ મૂંઝવણ છે.દરમિયાન સુન્ની ઉલેમા બોર્ડની માગણીએ કોંગ્રેસ પક્ષ માટે નવી મુશ્કેલી ઊભી કરી છે. સુન્ની ઉલેમા બોર્ડે પાર્ટીને કર્ણાટકના ઉપમુખ્યમંત્રી પદ માટે કહ્યું છે. આ સાથે સુન્ની ઉલેમા બોર્ડે કેબિનેટમાં ૫ મુસ્લિમ ધારાસભ્યોને સારો પોર્ટફોલિયો આપવાની માંગ પણ કરી છે.વાસ્તવમાં કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૧૫ બેઠકો પર મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી. જેમાંથી ૯ ઉમેદવારો જીત્યા છે. વક્ફ બોર્ડના અધ્યક્ષ શફી સાદીએ કહ્યું કે તેઓ પહેલાથી જ મુસ્લિમ સમુદાયના વ્યક્તિને રાજ્યના નાયબ મુખ્યમંત્રી બનાવવાની માંગ કરી ચૂક્યા છે. સાદીએ કહ્યું, ’અમે ચૂંટણીમાં મુસ્લિમ ઉમેદવારો માટે ૩૦ બેઠકોની માગણી કરી હતી, પરંતુ માત્ર ૧૫ જ મળી અને આ ૧૫માંથી ૯ મુસ્લિમ ઉમેદવારો જીત્યા છે.

દરમિયાન કર્ણાટકના ધારાસભ્યો સાથે વાત કરીને દિલ્હી પરત ફરેલા કોંગ્રેસના ત્રણ નિરીક્ષકો પૈકીના એક જીતેન્દ્ર સિંહે વાતચીતમાં જણાવ્યું હતું કે અમે ધારાસભ્યો સાથે વાત કર્યા બાદ આવ્યા છીએ અને અમારો રિપોર્ટ હાઈકમાન્ડને સોંપીશું. અમે તમામ ધારાસભ્યો સાથે ૪ થી ૫ કલાક સુધી વાત કર્યા બાદ રિપોર્ટ તૈયાર કર્યો છે. ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા એકસાથે મળ્યા છે. દરેક સાથે વાત કરીને હું કહી શકું છું કે કોંગ્રેસ પાર્ટી એક છે, ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા વચ્ચે કોઈ વિવાદ નથી.જિતેન્દ્ર સિંહે કહ્યું કે કોંગ્રેસ અધ્યક્ષ સાથે વાત કર્યા બાદ જ કહી શકાય કે મુખ્યમંત્રી પદ કોણ સંભાળશે. જો કે, આ કોઈ મોટો મુદ્દો નથી. કોંગ્રેસ શિસ્તબદ્ધ પાર્ટી છે, તેથી મામલો ઉકેલાશે. રાજસ્થાનનું ઉદાહરણ તમારી સામે છે, ત્યાં હજુ સુધી કંઈ થયું નથી.

રણદીપ સુરજેવાલાએ કહ્યું, "સૌપ્રથમ, હું ફરી એકવાર કર્ણાટકની ૬.૫ કરોડ જનતાનો આભાર માનું છું. અમારી પાસે ૧૩૮ ધારાસભ્યોનું સમર્થન છે. ગઈકાલે, વિધાયક દળના નેતાઓએ વિધાયક દળના નેતાને ચૂંટવાનો અધિકાર સોંપી દીધો છે. કોંગ્રેસ પ્રમુખ." નિરીક્ષકો આજે રાત સુધીમાં કોંગ્રેસ અધ્યક્ષને તેમનો અહેવાલ સુપરત કરશે, આવતીકાલે સંગઠનના મહાસચિવ અને હું કોંગ્રેસ અધ્યક્ષ સાથે આ મામલાને આગળ ધપાવીશું. ખૂબ જ ટૂંક સમયમાં અમે કોંગ્રેસની સરકાર બનાવીશું જે તેના પાંચ વચનો પૂર્ણ કરશે. અને કર્ણાટકને ભ્રષ્ટાચાર મુક્ત બનાવશે. તે મળશે."

સૂત્રોનું કહેવું છે કે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને ગાંધી પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ ખડગે ટૂંક સમયમાં કર્ણાટકના આગામી મુખ્યમંત્રી અંગે નિર્ણય લેશે. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કર્ણાટકમાં કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવા માટે વરિષ્ઠ નેતાઓ સુશીલ કુમાર શિંદે, જીતેન્દ્ર સિંહ અને દીપક બાબરિયાને નિરીક્ષકો તરીકે નિયુક્ત કર્યા છે. ત્રણેય સુપરવાઈઝરોએ પાર્ટીના નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે અલગ-અલગ વાત કરીને તેમનો અભિપ્રાય જાણી લીધો. ત્રણ સુપરવાઈઝર અને પાર્ટીના મહાસચિવ અને કર્ણાટક મામલાના કોંગ્રેસ પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા દિલ્હી પહોંચી ગયા છે અને પોતાનો રિપોર્ટ પ્રમુખ ખડગેનો સોંપ્યો છે.સુત્રોના જણાવ્યા અનુસાર ખડગે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી,પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીની મુલાકાત કરશે અને ત્યારબાદ કર્ણાટકના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવશેએ યાદ રહે કે રાજ્યમાં ૨૨૪ સભ્યોની વિધાનસભા માટે ૧૦ મેના રોજ યોજાયેલી ચૂંટણીમાં, કોંગ્રેસે ૧૩૫ બેઠકો જીતી હતી, જ્યારે ભૂતપૂર્વ વડા પ્રધાન એચડી દેવગૌડાના નેતૃત્વવાળી જનતા દળ (સેક્યુલર) એ ૬૬ બેઠકો જીતી હતી.

## આપની આજ.......

મેષ : આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

વૃષભ : આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન : આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

કર્ક : આજનો દિવસ તમારા માટે સારો છે. તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

સિંહ : તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો. આજે કોઈ નવું કાર્ય ના કરવાનું ધ્યાનમાં રાખો.

કન્યા : તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી. તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે.

તુલા : આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.

વૃશ્ચિક : આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે. નિરાશ ના થાઓ, ધૈર્ય રાખો અને તમારી જાત પર વિશ્વાસ કરો પછી તમે જોશો કે કેટલી સરળતાથી જવાબદારી નિભાવો છો.

ધનુ : આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર વરિષ્ઠ લોકોનો અભિપ્રાય લો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર : લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે.

કુંભ : કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઈ પણ કહેવામાં ડરશો નહીં અને પાછળ ના હટશો.

મીન : આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. તમારા બધા કાર્ય દિલથી કરો, પછી જુઓ કે તમે આ મહત્વપૂર્ણ કાર્યને સરળતાથી કેવી રીતે પૂર્ણ કરી શકો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ દબાણ મુક્ત થવા તરફ

# દાહોદમાં ચોથા તબક્કામાં અંજુમન દવાખાના સામેના લઘુમતિ વિસ્તારના દબાણોનો સફાયો

દાહોદ,

દાહોદ શહેરમાં રવિવારના વિરામ બાદ દબાણ હટાવ ઝુંબેશનો ચોથો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે. તળાવ કિનારે આવેલા લઘુનતિ વિસ્તારના તમામ રહેણાંક મકાનો આગળ આવેલી દુકાનોનો સફાયો કરી દેવાતા રોડ પહોળો થઈ ગયો છે. આજની કાર્યવાહીમાં જે તે સંબંધિતોને દસ્તાવેજી પુરાવા રજૂ કરવાની તક પણ આપી હતી.

દાહોદ શહેરમાં ગોધરા રોડ,ગોદી રોડ,પડાવ, પાલિકા ચોક અને સ્ટેશન રોડ બાદ સોમવારે ભગિની સમાજથી લઈને નઝમી મસ્જીદ સુધી અંજુમન હોસ્પીટલ સામેના વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. છાબ તળાવના કિનારે લઘુમતિ સમાજની એક મોટી વસાહત હતી. અહીં વર્ષોથી દબાણ કરવામાં આવ્યુ હતુ પરંતુ બીજા દબાણોની માફક આ વિસ્તારમાં પણ આંખ આડા કાન કરવામાં આવતા હતા.જયાં આગળના ભાગમાં દુકાનો હતી અને પાછળના ભાગમાં લઘુમતિ પરિવારો કાચા પાકા મકાનો બાંધીને વસવાટ કરતા હતા.જેથી તેમને પણ નોટીસો આપી દેવામાં આવી હતી અને છેવટે આજે તમામ મકાનો અને દુકાનો જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા છે.મોટા ભાગના લોકોએ આજે જ ઘર ખાલી કર્યા હતા.કેટલાક લોકોએ દલીલો કરતા તેમને દસ્તાવેજી પુરાવા રજૂ કરવા સમય પણ અપાયો હતો પરંતુ છેવટે દબાણો જ હોવાનુ નક્કી થઈ જતાં ડીમોલીશનની કામગારી શરૂ કરવામાં આવી હતી. દબાણો દુર થતાં છાબ તળાવના ગાર્ડનની દિવાલો દેખાવા લાગી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આ વિસ્તારમાં જ નગીના મસ્જીદ આવેલી છે. આ મસ્જીદનો કેટલોક ભાગ બે દિવસ પહેલા સ્થાનિકોએ જ ઉતારવાનું શરૂ કર્યુ હતું. જે તે સમયે તંત્રની સૂચના પ્રમાણે કામગીરી કરવા તૈયારી પણ બતાવવામાં આવી હતી. ત્યારે દબાણ હટાવ ઝુંબેશ વખતે પણ સ્થાનિકોએ જાતે જ મસ્જીદનો ૬ ફુટના વિસ્તારમાં આવતો ભાગ તોડવાનુ શરૂ કર્યુ છે. મસ્જીદ પૂરેપુરી દબાણમાં છે કે કેમ તે વિશે પણ કેટલીક વિસંગતા ઓ પ્રવર્તિ રહી છે.ત્યારે હાલ ૬ ફુટનું બાંધકામ દુર કરવામાં આવશે અને મસ્જીદ કાયદેસરની જગ્યામાં હોવાના પુરાવા રજૂ કરવા કેટલોક સમય આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. ત્યાર બાદ સ્ટેશન રોડ પર દાઉદી વ્હોરા મુસાફર ખાના વિસ્તારમાં પણ ઝુકાટો તોડવાની કામગીરી શરૂ કરાઈ છે. ત્યાર બાદ મન્ડાવાવ રોડ પર પ્રજાપતિ સમાજ ના દવારા સરકારી જગ્યા મા જે દબાણ કર્યુ હતું. તે બધું આજે તોડી પાડવામાં આવ્યું હતું. ત્યાર બાદ રલીયાતી રોડ ઉપર કાચા પાકા દબાણો હટાવા મા આવ્યા હતા દબાણ ની કામગીરી મોડા સમય સુધી ચાલી હતી. આમ, દાહોદ શહેર મા દબાણો હટાવવા નો સિલસિલો પુર જોસ મા ચાલી રહ્યું છે.

# ફતેપુરા તાલુકાના ઘાણીખુટમાં રેકડો પલટી મારતા ૬ ને ઈજા : ગંભીર ઈજાગ્રસ્ત એક મહિલાને દાહોદ ખસેડાઈ

દાહોદ,

ફતેપુરા તાલુકામાં વાહન ચાલકોની બેદરકારીના કારણે દિન-પ્રતિદિન વાહન અકસ્માતો વધતા જાય છે. જેમાં અનેક લોકો કાળનો કોળિયો પણ બની રહ્યા છે. તેમાં વધુ એક બનાવ આજરોજ સુખસર પાસે બનવા પામેલ છે. તેમાં ફતેપુરા તાલુકાના માનાવાળા બોરીદા થી સુખસર તરફ આવતા એક લોડિંગ રેકડા ચાલકે પોતાના કબજાના રેકડામાં સુખસર તરફ જતા પાંચ જેટલા મુસાફરોને બેસાડ્યા હતા. જે રેકડો ઘાણીખુટ ગામે હાઈવે માર્ગની સાઈડમાં ઊંડી ગટરમાં ખાબકતા ત્રણ બાળકો સહિત ત્રણ મહિલાઓ મળી કુલ છ જેટલા મુસાફરોને ઈજાઓ પહોંચવા પામી હોવાનું જાણવા મળે છે.



પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના માનાવાળા બોરીદા ગામના અમરસીગ ધનાભાઈ મછાર આજરોજ બપોરના અઢી વાગ્યાના અરસામાં માનાવાળા બોરીદાથી પોતાના નંબર વગરના થ્રી વ્હીલર રેકડો લઈ સુખસર તરફ કોઈ કામ અર્થે આવી રહ્યો હતો. તેવા સમયે બોરીદા ગામેથી ભંગારનો ધંધો કરી સુખસર તરફ આવી રહેલા અને મૂળ હડમતના વતની એવા પાંચ જેટલા વાલ્મિકી સમાજના લોકોને પોતાના કબજાના રેકડામાં મુસાફર તરીકે બેસાડ્યા હતા. ત્યારબાદ આ રેકડો ઝાલોદ-સંતરામપુર હાઈવે માર્ગ ઉપર ઘાણીખુટ ગામેથી પસાર થઈ રહ્યો હતો. તેવા સમયે આ રેકડા ચાલકે પોતાના કબજાના રેકડા ઉપરથી કાબુ ગુમાવતા રેકડામાં બેઠેલા મુસાફરો સાથે માર્ગની સાઈડમાં આવેલ ઊંડી ગટરમાં આ રેકડો ખાબક્યો હતો. જેમા ત્રણ બાળકો તથા ત્રણ મહિલાઓ મળી કુલ છ જેટલા લોકોને ઈજા પહોંચવા પામી હોવાનું જાણવા મળે છે. ઈજાગ્રસ્ત ત્રણ બાળકો સહિત બે મહિલાઓને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સુખસર સરકારી દવાખાનામાં લાવી સારવાર આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. તેમજ વધુ ઈજાગ્રસ્તોને અન્ય દવાખાનામાં રીફર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ફતેપુરા તાલુકા પંચાયત કચેરીની

# મનરેગા શાખાના ઈન્ચાર્જ એપીઓ બળવંત લબાના દ્વારા આચરવામાં આવેલા ભ્રષ્ટાચાર બાબતે મનરેગા કામદાર યુનિયન અને લાભાર્થી કામદારો દ્વારા દાહોદ DDOને રજુઆત કરી

દાહોદ,

દાહોદ ડીડીઓ એ તેઓના વ્યસ્ત શિડ્યુલ માંથી સમય ફાળવીને તમામ અરજદારોને સાંભળ્યા અને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી ફતેપુરા તાલુકામાં આવેલ ૬૫ ગ્રામ પંચાયતોમાં મનરેગાના જુદા જુદા પ્રકારના કામો કરવા માટે લાભાર્થી કામદાર દ્વારા તાલુકા પંચાયત કચેરી ફતેપુરા ખાતે કામોના દસ્તાવેજી કાગળોની ફાઈલો કામો કરવા માટે જમા કરવામાં આવી હતી. આ ૬૦૧૧ કામોના લાભાર્થીઓ પાસેથી તે વખતના ઈન્ચાર્જ એપીઓ બળવંત લબાના ભ્રષ્ટાચાર આચારીને જુદા જુદા કામોના ભાવો નક્કી કરી ચા પાણી માટે રૂપિયા ૨૦ કરોડથી વધુની રકમ ઉઘરાવી હોવાના આક્ષેપ સાથે રજૂઆત કરવામાં આવી હતી, તેમજ ફતેપુરા તાલુકાના વાંગડ ગામના બુટેલા ફળિયાના ડામોર શંકરભાઈ રાવજીભાઈ તથા તેમના ગામના પાંચ લાભાર્થીઓ અને ૬૧ જોબકાર્ડ ધારકો કામદારો દ્વારા પોતાના ગામે રોજગારી મેળવવા માટે કામોની માંગણીઓ કરતી અરજીઓ તાલુકા પંચાયત ફતેપુરા ખાતે રજૂ કરવા માં આવી હતી અને આ ગામના જુદા જુદા પ્રકારના કામો કરવા માટે લાભાર્થીઓના માલિકી સર્વે નંબર ૬૧ સ્ટોન બંધ,સર્વે નંબર ૧૮૩ સ્ટોન બંધ, સર્વે નંબર ૬૯ અને સર્વે નંબર ૧૨૫ ચેકવોલ તથા કેજીવી વિદ્યાલય વાંગડમાં પેવર બ્લોક અને સ્સ રસ્તા ના કામો કરવા માટે આ લાભાર્થીઓ દ્વારા ગ્રામ પંચાયતના ઠરાવો તથા અન્ય દસ્તાવેજી કાગળોની ફાઈલો સાથે તાલુકા પંચાયત ફતેપુરા ખાતે મનરેગા શાખામાં છ માસ અગાઉ જુદા જુદા કામોના વર્કકોડ પડાવીને રજૂ કરેલ અને આ કામોની વહીવટી અને અન્ય કામગીરી અંગે ફતેપુરા તાલુકા પંચાયતનાં મનરેગા શાખાના ઈન્ચાર્જ છે. એ ચા પાણીના નાણાંની માંગણીઓ કરતા ડામોર શંકરભાઈ રાવજીભાઈ પાસેથી જુદા જુદા ભાવે રૂપિયા ૯૫૦૦૦ લીધેલા તેવા આક્ષેપો સાથે સ્થાનિકથી લઈને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ હોવા છતાં આજ દિન સુધી આ ગરીબ કામદારોને રોજગારી મળેલ નથી.આ તમામ બાબતો એ ફતેપુરા તાલુકા કામદાર યુનિયનના પ્રતિનિધિ મંડળ અને લાભાર્થી કામદારોએ વિગતવાર રજૂઆત સાથે દાહોદ જીલ્લા વિકાસ અધિકારીને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી ત્યારે દાહોદ જીલ્લા વિકાસ અધિકારીએ તેઓના વ્યસ્ત શિડ્યુલમાંથી સમય ફાળવીને આ તમામ અરજદારોને સાંભળ્યા હતા અને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

> ફતેપુરા તાલુકા પંચાયત કચેરીની મનરેગા શાખાના ઈન્ચાર્જ એપીઓ બળવંત લવાના દ્વારા આચરવામાં આવેલા ભ્રષ્ટાચાર બાબતે અમો મનરેગા કામદાર યુનિયન તથા લાભાર્થી કામદારોએ દાહોદ જીલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી છે. જીલ્લા વિકાસ અધિકારીએ તેઓના વ્યસ્ત શિડ્યુલમાંથી સમય ફાળવીને અમારી રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.
>
> **: મનરેગા કામદાર યુનિયન દાહોદ જીલ્લા મંત્રી ભરતભાઈ ગજાભાઈ પારગીનો જવાબ :**

# ઝાલોદ થી સુખસર થઈ સંતરામપુર હાઈવે સાઈડો ઉંડી ગટ્ટરો ખોદી પુરણ કરતાં વાહન ખાબકે અને અકસ્માત થાય તો જાનહાનિનો ભય

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર જતાં રાજય ધોરીમાર્ગની નવીનીકરણ કામગીરી હાલમાં ચાલી રહી છે જેમાં આ રસ્તાના સાઈડ પુરાણ માટે રસ્તાની બાજુમાં ઉંડી ગટરોનું ખોદકામ કરી પુરાણ કરતાં ઉંડી ગટરોમાં વાહન ખાબકે અને અકસ્માત થાય તો મોટી જાનહાનીનો કાયમી પ્રશ્ન ઉપસ્થિત થયેલો છે. જયારે હાલમાં સુખસર ખાતે આશરે એકાદ કી.મી. જેટલા રસ્તાની કામગીરી આર.સી.સી. કરવામાં આવેલ નથી. જ્યારે સુખસર સુકી નદી ઉપર બનાવવામાં આવી રહેલ પુલની અતિ તકલાદી કહી શકાય તેવી કામગીરી ચાલી રહી છે, છતાં પણ જવાબદાર તંત્રો દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી. જ્યારે કોન્ટ્રાક્ટર, વહીવટી તંત્ર તથા કહેવાતા સ્થાનીક જાગૃત લોકો દ્વારા સબ સલામત હૈ ના ઓડકાર ખાઈ સંતોષ માની રહ્યાં હોવાનું જણાઈ રહ્યું છે.



મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર જતાં રાજય ધોરીમાર્ગની કામગીરી છેલ્લા એક વર્ષથી ચાલી રહી છે, તેમાં હાલ સુખસર ખાતે ચાલી રહેલી કામગીરીમાં આશરે એક કિલો મીટર જેટલા રસ્તાની આર.સી.સી. કામગીરી કરવામાં આવી રહી છે. તેમાં લોખંડની જાળી કે અન્ય કોઈ સેફટી રાખવામાં આવેલ નથી અને સીધો કોંક્રેટ રેતી તથા કોન્ક્રીટનો માલ બનાવી પાથરી દેવામાં આવી રહ્યો છે. ત્યારે આ રસ્તાની આવરદા કેટલી ? તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે જોકે આ રસ્તાની દિવસે જે કામગીરી કરવામાં આવે છે. તેમાં લોખંડની જાળી કે સળિયાઓનો બિલકુલ ઉપયોગ કરવામાં આવતકો નથી પરંતુ જયારે સાંજે આ કામગીરી જે જગ્યાએ અધુરી છોડવામાં આવે છે. તેના છેડા ઉપર દેખાવ ખાતર લોખંડના સળિયાઓના ટુકડા ખોશી દઈ પ્રજાને ઉલ્લુ બનાવવામાં આવી રહી છે, જો આ રસ્તાની આરસીસી કામગીરીમાં લોખંડની જાળીનો વપરાશ કરવાનો ન હોય તો કદાચ લોખંડ નહીં વપરાય પરંતુ સાંજે આ રસ્તાની કામગીરી જ્યાં છોડવામાં આવે છે ત્યાં લોખંડના સળિયા બહાર જોવાય તે રીતે કેમ મુકવામાં આવે છે ? જયારે આ માર્ગની પહોળાઈને ધ્યાને લઈ સુખસર સુકી નદી ઉપર પુલ બનાવવાની કામગીરી પણ ચાલી રહી છે. જોકે, અગાઉ આ નદી ઉપર દાયકાઓ જુનો પુલ આવેલો હતો અને આ આશરે પચાસેક ફુટના પુલને તોડવા માટે સતત ૬ દિવસ બબ્બે મોટા જેસીબી મશીનો કામે લગાવ્યાં હતાં તેટલી તેની મજબુતાઈ હતી અને આ જુના પુલની તોડફોડ કરતાં લાખો રૂપિયાનું મજબુત લોખંડ પણ નીકળ્યું હતું અને નીકળેલું લોખંડ ક્યાં ગયું તેની કોન્ટ્રાકટર તથા વહીવટી તંત્રોને જાણ હોય પરંતુ હાલમાં આ જગ્યા ઉપર નવીન પુલની કામગીરી ચાલી રહી છે. તેમાં જે ઉભી આર.સી.સી. ભરાઈ કરવામાં આવે તેમાં મોટાભાગે ૧૦ એમ.એમ.ના લોખંડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ૨૪ કલાક મોટા તથા ભારદારી વાહનોની અવર જવર થતાં માર્ગ ઉપર થતી તકલાદી કામગીરી પ્રત્યે વહીવટી તંત્ર સહિત જવાબદારો મૌન કેમ સેવી રહ્યાં છે ? તે પણ એક પ્રશ્ન છે.

અહીંયા એ જણાવવું જરૂરી છે કે, આ રસ્તાની થતી આર.સી.સી. કામગીરીમાં લોખંડની જાળીનો ઉપયોગ કરવાનો નહીં હોવાનું તેમજ પુલની કામગીરીમાં ૧૦ તથા ૧૨ એમ.એમ.ના સળિયાનો ઉપયોગ કરી પુલ તૈયાર કરવા સરકારના જવાબદાર અધિકારીઓ દ્વારા ટેન્ડર મંજુર કરવામાં આવ્યું હોય અને તે પ્રમાણે કોન્ટ્રાકટર દ્વારા કામગીરી કરવામાં આવતી હોય તો નિયમો અને કાયદાકીય રીતે પણ આ હરગીજ યોગ્ય નથી. શહેરી વિસ્તારના સામાન્ય રસ્તાઓની થતી આર.સી.સલી. કામગીરીમાં લોખંડનો વપરાશ કરવામાં આવે છે. ત્યારે આ માર્ગ રાજય ધોરીમાર્ગ છે તેમજ આ માર્ગ ઉપરથી રાત-દિવસ મોટા અને ભારદારી વાહોની અવર જવર રહેતી હોય તેવા માર્ગ ઉપર નિયમોને નેવે મુકી કામગીરી કરવામાં આવે તે વ્યાજબી છે ખરી ? વહીવટી તંત્ર સહિત આવી કામગીરીમાં વપરાશ થતાં નાણાં પ્રજાના છે તેમજ જે તે તંત્રના સરકારી જવાબદાર અધિકારીઓ, કર્મચારીઓના પગારના નાણાં પણ પ્રજાના છે, તેમ છતાં જાહેર કામગીરીમાં આચરવામાં આવતી ગેરરિતીઓ પ્રજા ક્યાં સુધી સહન કરશે ? પ્રજાના નાણાંમાં ભ્રષ્ટાચાર આચરી પ્રજાના પેટ ઉપર રોટલી શેકી ખાવાની સત્તા અને અધિકાર કોઈને આપવામાં આવેલ નથી, તે યાદ રાખવું જોઈએ.

# ફતેપુરા તાલુકાઓમાં આવેલી સરકારી પ્રાથમીક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો ઉપર સંચાલક કમ કુકની ખાલી જગ્યાઓ ભરાશે

દાહોદ,

ફતેપુરા તાલુકામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ઉપર સંચાલક કમ કુકની ખાલી જગ્યા માટે લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમુનામાં અરજી ફોર્મ રજીસ્ટર પોસ્ટ એડીથી અથવા મદયાહન ભોજન યોજના શાખા, મામલતદાર કચેરી ખાતે રૂબરૂમાં તા. ૨૦/૫/૨૦૨૩ સુધી કચેરી સમય દરમ્યાન મંગાવવામાં આવે છે. નિમણૂંક અંગેની લાયકાતશરતો કચેરીના નોટીશ બોર્ડ ઉપર જોઈ શકાશે. ફોર્મ મભય શાખા મામલતદાર કચેરીથી મેળવવાનું રહેશે. સંચાલક કમ કુકની જગ્યા આ કેન્દ્રો ખાતે ભરવાની છે. જેમાં મોરમહુડી પ્રાથમિક શાળા, વડવાસ મુખ્ય પ્રાથમિક શાળા, ટાઢીગોળી પ્રાથમિક શાળા, નાનાસરણૈયા પ્રાથમિક શાળા, નવાગામ પ્રાથમિક શાળા, બારસાલેડા પ્રાથમિક શાળા, પોહટાળી વર્ગ પ્રાથમિક શાળા, બારસાલેડા, ઉડાવેળા વર્ગ પ્રાથમિક શાળા, વડવાસ, નાની પચોર ફ. વર્ગ મારગાળા, સુકીદેવી વર્ગ નાની ઢઢેલી, ગલાલપુરા ફ. વર્ગ વડવાસ, રાઠોડ ફ. વર્ગ નવાગામ, તળગામ ફ. વર્ગ જગોલા, ડામોર ફ. વર્ગ, ઝેરનો સમાવેશ થાય છે.

# ગરબાડામાં છોકરી ભગાડી જવાના બાબતે મહિલાએ મહિલાને માર મારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા નગરમાં છોકરી ભાગી ગઈ હોવાના મામલે એક મહિલાએ અન્ય એક મહિલાને ગડદાપાટ્ટુનો માર મારતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા. ૧૪મી મેના રોજ ગરબાડા નગરમાં રહેતાં જોશનાબેન મિતેશભાઈ પસાયા પોતાના ઘરે હાજર હતાં તે સમયે તેઓના ઘરે પોતાનાજ ગામમાં રહેતાં શાંતાબેન વાલચંદભાઈ આમલીયાર આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, છોકરી શિતલને છોકરો હિતેશ લઈ ગયો છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને જોશનાબેનને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત જોશનાબેન મિતેશભાઈ પસાયાએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં શ્રીરામ કો.ઓ.સો. દ્વારા હપ્તા ભરવામાં ત્રણ માસની છુટ

દાહોદ,

દાહોદ શહેરમાં સ્માર્ટસિટી અંતર્ગત રસ્તા પહોળા કરવા માટે નગરપાલિકા હસ્તકની દુકાનો નગરપાલિકા ચોકથી માંડીને સ્ટેશન રોડ સુધીની નગરપાલિકા હસ્તકની તમામ દુકાનો તોડીને ભોંય ભેગી કરી દેવામાં આવી છે. તેના કારણે મહત્તમ વેપારીઓ બેરોજગાર બન્યા છે. પાલિકા દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા આપવાનુ આયોજન છે પરંતુ તેમાં મોડુ થાય તેમ હોઈ હાલમાં દરેકે ભાડે દુકાનો તો લીધી છે પરંતુ હાલમાં શહેરમાં ઝુંબેશના પગલે કેટલાક દુકાનો શરૂ કરી શક્યા નથી. વેપારીઓની વિવિધ બેંકની લોન પણ ચાલી રહી છે. ત્યારે બેરોજગાર થતાં તેમને હપ્તા ભરવામાં સ્વભાવિક રીતે તકલીફ પડે તેમ છે. ત્યારે શ્રીરામ કો.ઓ.સો.દ્વારા પાલિકા હસ્તકની દુકાનો તુટી ગઈ છે તેવાને હપ્તા ભરવા માટે ૩ મહિનાની છુટ આપી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.225

## ગોધરા રેડક્રોસ સોસાયટી મેનેજીંગ કમીટી સભ્યો સાથે

# કર્મચારી દ્વારા અણછાજતું વર્તનના આક્ષેપ સાથે કલેકટરને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા શહેરની ધી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના મેનેજિંગ કમિટી સભ્ય સાથે સોસાયટીના કર્મચારી દ્વારા અણછાજતું વર્તન કરતા હોવાના આક્ષેપ સાથે કમિટી સભ્ય એ આ મામલે રેડક્રોસ સોસાયટીના પ્રમુખ એવા પંચમહાલ જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ધી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગોધરાના મેનેજીંગ કમિટી સભ્ય એ સોસાયટીના પ્રમુખ અને જિલ્લા કલેકટર ને લેખિત રજૂઆત સાથે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ખાતે હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારી તેઓ સાથે સતત અસભ્ય વાણી વર્તન,ગેરશિસ્ત કરી રહ્યા છે. આ કર્મચારી નોકરીમાં સતત અનિયમિતતા, બેદરકારી પણ દાખવી રહ્યા છે. ત્યારે તેઓને નોકરીમાંથી બરતરફ કરવાની માંગ પણ કરવામાં આવી છે. ત્યારે મેનેજીંગ કમિટીના સભ્ય દ્વારા મેનેજીંગ કમિટીના અમુક વિવાદાસ્પદ, દાગી, અયોગ્ય હોદેદારો સામે ઝડપથી તપાસ કરાવી સંસ્થાના હિતમાં નૈતિકતાના ધોરણે તેઓને પણ તાત્કાલિક અસરથી બરતરફ કરવા માટેની માંગ કરી છે. ત્યારે આ મામલે સોસાયટીના ચેરમેન ને પણ વારંવાર મૌખિક રજૂઆતો કરી છે. પણ તેઓ દ્વારા પણ આ કર્મચારી સામે કોઈ કાર્યવાહી કરી નથી અને સતત તેને છાવરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ પણ રજૂઆતમાં કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત અમારી મેનેજીંગ કમિટીમાં અમુક વિવાદાસ્પદ, દાગી, અયોગ્ય વ્યકિતઓ પણ મેનેજીંગ કમિટીના હોદેદારો છે. જેમના કારણે સમાજમાં સંસ્થા બદનામ થઈ રહી છે અને જાહેર જનતા સહિત રકતદાતાઓમાં પણ સંસ્થાને લઈ ખોટો સંદેશ જઈ રહ્યો છે. ત્યારે આ મામલે પણ આપના દ્વારા યોગ્ય તપાસ કરાવડાવી ત્વરિત કાર્યવાહી કરવામાં આવે.

ત્યારે ઉપરોક્ત અમારી રજૂઆત અંગે જો કોઈ યોગ્ય કાર્યવાહી નહિ કરવામાં આવે તો અમે મેનેજીંગ કમિટીના સભ્ય પદેથી રાજીનામું આપીશું, તેવી ચીમકી પણ રજૂઆત કર્તા મેનેજીંગ કમિટીના સભ્યએ ઉચ્ચારી હતી.




# ગોધરાના મેરપ ગામે ખેતરમાં ઝાડ કાપવાની અદાવતે હુમલો

ગોધરા,

ગોધરા તાલુકાના મેરપ ગામે ખેતર માંથી ઝાડ કાપવાની અદાવતે ત્રણ ઈસમો દ્વારા દંપતિ પર મારક હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો.

ગોધરા તાલુકાના મેરપ ગામે આવેલા સાહેર ફળિયામાં રહેતા રેવાબેન મોહનભાઈ પટેલે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત ૧૪ તારીખે સવારના સમયે તેઓ સાહેર ફળિયામાં આવેલા પોતાના ખેતરમાં કાંટા સાફ કરવા માટે ગયા હતા. તે વેળાએ ભારતભાઈ પટેલ લોખંડનો સળિયો તેમજ ગોપાળભાઈ પટેલ અને સુરપાલભાઈ પટેલ લોખંડની પાઈપ સાથે આવ્યા હતા અને રેવાબેનને જણાવ્યું હતું કે, અમારા ખેતરના છેડા પર આવેલ બોરના ઝાડ કેમ કાપી નાખ્યાં છે, તેમ બોલીને ત્રણેય ઈસમોએ રેવાબેન સાથે ઝઘડો કર્યો હતો. જ્યારે સુરપાલ પટેલ નામના ઈસમે અપશબ્દો બોલીને રેવાબેનને પગના ભાગે લોખંડની પાઈપ મારીને ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ભારતભાઈ પટેલ અને ગોપાળભાઈ પટેલએ રેવાબેનને ગડદાપાટુંનો માર માર્યો હતો. તેમજ વચ્ચે છોડાવવા પડેલા ચંદનભાઈને ગોપાળભાઈ પટેલે ગળાના ભાગે પાઈપ મારીને ઈજાઓ પહોંચાડી હતી. તેમજ રેવાબેનના પતિ મોહનભાઈને પણ ગોપાળભાઈ પટેલ અને ભારતભાઈ પટેલે સળિયા અને પાઈપ વડે માર મારીને ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે નજીવી વાતે જીવલેણ હુમલો કરનારા ત્રણ ઈસમો સામે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરા તાલુકામાં તળાવો સુકાતા પશુ-પંખીઓને પીવા માટે પાણીની સમસ્યા




શહેરા,

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં આવેલ ગ્રામિણ વિસ્તારોના કેટલાક તળાવો જ ખાલીખમ ભાસી રહ્યા છે. જેના કારણે આસપાસના પાણીના જળસ્ત્રોતોમાં પણ પાણીનુ સ્તર ઘટી ગયુ છે. આ તળાવોમાં પાણી ઘટી જવાના કારણે ખાસ કરીને પશુપંખીઓને પીવાના પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી શોધવા માટે આમતેમ ભટકવુ પડે છે. જયાં પાણીની વ્યવસ્થા નથી ત્યાં ખેડુતો પણ ઉનાળામાં ખેતીકામ કરવાનુ ટાળી રહ્યા છે.

શહેરા તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં આવેલા કેટલાક તળાવો સુકાઈ જવાથી ખાલીખમ ભાસી રહ્યા છે. તળાવો સુકાઈ જવાના કારણે પોતાની તરસ છીપાવવા મુંગા પશુ-પંખીઓને પણ આમતેમ ભટકવાનો વારો આવ્યો છે. તાલુકા ગ્રામિણ વિસ્તારમાં ઘણા એવા તળાવો આવેલા છે જેમાં ખાસ કરીને મોટા તળાવોમાં પાણી વધારે હોવાથી ત્યાં કોઈ સમસ્યા ઉદ્ભવે તેમ નથી. બીજી બાજુ વરસાદ ઓછો પડવાથી પણ આ પરિસ્થિતિ ઉદ્ભવી છે તેમ કહી શકાય. તળાવો ખાલી થવાના કારણે આસપાસના વિસ્તારોમાં આવેલા કુવાઓ અને તળાવોમાં પણ પાણીના તળ નીચા જોવા મળી રહ્યા છે. પાણી ઓછુ થઈ જવાના કારણે પશુ-પંખીઓને હાલમાં તળાવોમાં જે ખાડાઓમાં પાણી બચ્યુ છે તેમાંથી પીવાનો વારો આવ્યો છે. આમ શહેરા તાલુકામાં આવેલ કેટલાક તળાવોમાં પાણી સુકાઈ જતા તેમજ તળાવની આસપાસ ખેડુતો સિંચાઈ માટે પાણીનો ઉપયોગ કરતા હોવાથી પાણીનો વપરાશ થવાથી ખાલી થઈ ગયુ છે.

# ગોધરા અટલ બાગ ખાતે જી-૨૦ અંતર્ગત યુવા સંવાદ યોજયો






ગોધરા,

આજરોજ G-20 અંતર્ગત યુવા સંવાદ કાર્યક્રમ ગોધરા શહેરના અટલ બાગ ખાતે જયેશભાઈ દોશી તથા કવિતાબેન પટેલના વકતાસ્થાને યોજાયો હતો.

જેમાં યુવાઓને G-20 અંતર્ગત યુવાઓની સમાજમાં ભૂમિકા તેમજ આરોગ્ય, રમત ગમત આજના સમયમાં યુવાનોનું મહત્વ પર માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી, પંચમહાલ જીલ્લા ભાજપ મહામંત્રી કુલદીપસિંહ સોલંકી, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી ઈશાંત સોની, ગોધરા નગર ભાજપ પ્રમુખ દિલીપભાઈ દસાડીયા, જીલ્લા સંયોજક પ્રજ્ઞેશ પટેલ સહિત યુવાનો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ગોધરા નગર સંયોજક દિનેશ દેસાઈ, હાર્દિક ઠાકર તથા નીલરાજસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# પંચમહાલ LCB પોલીસે ખુલ્લામાં મોબાઈલ ફોન દ્વારા IPL મેચ પર સટ્ટો રમાડતા એક ઈસમને ઝડપી પાડયો

ગોધરા,

પંચમહાલ એલસીબી પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો. ત્યારે બાતમી મળી હતી કે, ગોધરા શહેરના બામરોલી રોડ પર રહેતો કમલેશ ભાગવાણી નામનો ઈસમ બોમ્બે કોલ્ડ્રિંકસ નામની દુકાન પાસે ખુલ્લામાં મોબાઈલ ફોન દ્વારા ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યો છે. જે ચોક્ક્સ બાતમીના આધારે પોલીસે ગતરોજ રાત્રીના સમયે બાતમી મુજબની જગ્યાએ છાપો માર્યો હતો. પોલીસને બાતમી મુજબના વર્ણન વાળો ઈસમ મળી આવતા તેની પાસે જઈને તેની તપાસ કરતા તેની પાસેથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જેમાં ગૂગલ ક્રોમ બ્રાઉઝરમાં માસ્ટર આઈડી દ્વારા આઈપીએલ મેચ પર ક્રિકેટ સટ્ટો રમાડતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કમલેશ વિનોદભાઈ ભાગવાણી નામના ઈસમની અટકાયત કરીને ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે જુગારધારા કાયદા મુજબ ગુનો નોંધ્યો હતો.

# ગોધરા શહેરમાં આવેલ ચમન મસ્જિદ પાસે ચાર ઈસમોએ મામા ભાણા પર જીવલેણ હુમલો કરીને ઈજાઓ પહોંચાડી હતી

ગોધરા,

ગોધરા શહેરના રક્ષણ રોડ પર આવેલ બેઠક મંદિર પાસે રહેતા ઐયુબ યુસુફ બોકડાએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત ૧૩ તારીખે ચમન મસ્જિદ પાસે તેઓ પોતાના ભાણા ઓવેશ સાથે નમાજ પઢી મસ્જિદ બહાર નીકળતા હતા. તે વેળાએ અનવર બસિર હયાત, મુસ્તકિમ ખાલિદ મુગલ, હસન બસીર હયાત અને ઈસ્માઈલ બસીર હયાત નામના ચાર ઈસમોએ ભેગા મળીને જુના ઝઘડાની અદાવત રાખીને અનવર બસિર હયાતે ઓવેશને લોખંડની ટોમી મારી નીચે પાડી દઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. મુસ્તકિમ ખાલિદ મુગલ નામના ઈસમે ઓવેશને મોઢાના ભાગે હોકી વડે માર મારીને ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે હસન બસીર હયાત નામના ઈસમે લોખંડની પાઈપ વડે માર માર્યો હતો. આમ, ચારેય ઈસમોએ ઓવેશને માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારે ચાર ઈસમો સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ઝાલોદ તાલુકાના પેથાપુર ક્રોસિંગ પાસે ટ્રક ચાલકે રિક્ષાને ટકકર મારતા મહિલાનુ મોત

દાહોદ,

ઝાલોદ તાલુકાના મુંડાહેડા ગામે પેથાપુર ક્રોસિંગ સામે ફાટક પાસે રોંગ સાઈડમાં આવતી ટ્રક સામેથી આવતી પેસેન્જર ભરેલી સીએનજી રિક્ષા સાથે અથડાતા રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. રિક્ષામાં સવાર મુસાફરો પૈકી એક મહિલાનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ.જયારે ચાર મહિલા સહિત છ જણાને ઈજાઓ થતાં તમામ ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. ટ્રક ચાલક ટ્રક સ્થળ પર મુકી નાસી ગયો હતો.

પેથાપુર ગામના બળવંત ભુરજીભાઈ ડામોરના કુટુંબીભાઈ નિલેશભાઈ સીએનજી રિક્ષામાં મુસાફરો ભરીને મુંડાહેડા ગામ પાસેના પેથાપુર ક્રોસિંગ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે ક્રોસિંગ સામેથી એક ટ્રક પુરઝડપે રોંગ સાઈડ ઉપર આવી રહી હતી. જેના ડ્રાઈવરે નિલેશભાઈની રિક્ષાને ટકકર મારતા રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતમાં રિક્ષામાં સવાર મુસાફરો પણ રોડ પર ફંગોળાયા હતા. જેમાં પેથાપુર ગામના જૈનાબેન બળવંતભાઈ ડાકોરને જીવલેણ ઈજાઓ થતાં તેમનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે સુમલી સમસુભાઈ ડામોર, વર્ષાબેન મનીશ ડામોર, સાદવી મનીશભાઈ ડામોર, ખુશી વિનેશભાઈ ડામોર, રિક્ષા ચાલક નિલેશ શકરીયા ડામોર તથા રવીન્દ્ર મુકેશભાઈ ડામોરને પણ ઈજાઓ પહોંચી હતી. જે તમામને સારવાર માટે લીમડી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ટ્રકનો ડ્રાઈવર અકસ્માત બાદ ટ્રક ઘટના સ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. જયારે ઘટનાની જાણ લીમડી પોલીસને કરાતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતકની લાશને પી.એમ.માટે લીમડી સરકારી દવાખાને મોકલી બળવંતભાઈ ડામોરની ફરિયાદના આધારે ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી ૨૬ લોકો સાથે છેતરપિંડી, ત્રણની ધરપકડ

અમદાવાદ,

વર્તમાન સમયમાં યુવકોમાં વિદેશ જવાનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. આવા સમયે તેમને વિદેશ મોકલવાની લાલચ આપી તેમના પાસેથી લાખો રૂપિયા ખંખેરી લેતી ટોળકી પણ સક્રિય થઈ છે. એવામાં આજે પોરબંદરથી ૩ એજન્ટોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી ૨૬ ઈન્ડિયન પાસપોર્ટ પણ મળી આવ્યા છે. આ ત્રણેયે ૨૬ લોકોને વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપીને ઠગાઈ આચરી હતી. હાલ પોલીસ દ્વારા ત્રણેયની પૂછપરછ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૨માં એક ફરિયાદીએ કિર્તી મંદિર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોરબંદર પોલીસે કાર્યવાહી કરતા ૩ એજન્ટો કેયુર જોશી, દેવસી પરમાર, વિપુલ ચૌધરીની ધરપકડ કરી છે. આ તમામે ૨૬ લોકોના પાસપોર્ટ લઈ વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી છેતરપિંડી આચરી હતી. પોલીસને આરોપી પાસેથી ૨૬ ઈન્ડિયન પાસપોર્ટ પણ મળી આવ્યા છે. પોલીસે આ ત્રણેય પૈકી આરોપી કેયુર જોશીને જેલ હવાલે કર્યો છે.

તાજેતરમાં મહેસાણામાંથી પણ આવો જ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. કેનેડાના વિઝા અપાવવાના નામે એજન્ટોએ ૪૫ લાખ રૂપિયા ખંખેરી લેતા યુવકે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. કેનેડાના વિઝા અપાવવાનું કહીને એજન્ટોએ યુવકને બાટલીમાં ઉતાર્યો હતો. અમદાવાદના અજય બ્રહ્મભટ્ટ અને વડોદરાના મેહુલ ઠક્કર નામના એજન્ટોએ આ યુવક પાસેથી વિઝાના કામ બદલ કટકે-કટકે ૪૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. પૈસા આપ્યાના થોડા દિવસ બાદ એજન્ટોના ફોન બંધ આવતા યુવક એજન્ટની ઓફિસે પહોંચ્યો હતો.

જ્યાં ઓફિસ પણ બંધ હતી અને બોર્ડ પણ કાઢી નાખેલું હતું. જેથી કેનેડાના વિઝા અપાવવાના નામે રૂ.૪૫ લાખની ઠગાઈ અંગે યુવકે મહેસાણા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અમદાવાદના અજય બ્રહ્મભટ્ટ અને વડોદરાના મેહુલ ઠક્કર સામે ફરિયાદ નોંધાવી હતી.

# પાકિસ્તાનની જેલમાંથી માછીમારો મુક્ત : ટ્રેન મારફત વહેલી સવારે વડોદરા પહોંચ્યા



વડોદરા,

દરિયામાં માછીમારી કરતી વખતે પાકિસ્તાન કોસ્ટગાર્ડે પકડેલા ગુજરાતના ૧૮૪ માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા છે. તમામ માછીમારો આજે વહેલી સવારે ૫ વાગ્યે અમૃતસર-કોચુવેલી એક્સપ્રેસ ટ્રેનમાં વતન ગુજરાત પરત ફર્યા છે. વડોદરા રેલવે સ્ટેશન પર રાજયના મત્સ્યઉદ્યોગ મંત્રી રાઘવજી પટેલે માછીમારોનું સ્વાગત કર્યું હતું. આ સમયે માછીમારોના ચહેરા પર તેમની વતન વાપસીની ખુશી જોવા મળી હતી. જો કે, માછીમારોએ પાકિસ્તાનની જેલમાં પડેલી યાતનાઓ વિષે પણ વાત કરી હતી. પાકિસ્તાનથી પરત ફરેલા માછીમારોમાં કોઈ ૩ વર્ષથી તો કોઈ ૫ વર્ષથી કરાચી જેલમાં બંધ હતા.

પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થઈને આવેલા કોડિનારના રહેવાસી કાંતિ મકવાણાએ જણાવ્યું હતું કે, અમે દરિયામાં ભારતીય બોર્ડર વિસ્તારમાં હતા, પરંતુ પાણીના વહેણને કારણે અમે પાકિસ્તાન તરફ જતા રહ્યા હતા. આ સમયે પાકિસ્તાની આર્મી આવી જતા અમને પકડીને કરાચી જેલમાં મોકલી દીધા હતા. મને સાડા ત્રણ વર્ષ જેલમાં રાખવામાં આવ્યો હતો. અમને ૧૧ મેના રોજ કરાચી જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને આજે વડોદરા પહોંચ્યા છીએ. આજે અમે દિલથી ખૂબ ખુશ છીએ. પાકિસ્તાનની જેલમાં ખૂબ જ યાતનાઓનો સામનો કરવો પડ્યો હતો. સમયસર જમવાનું નહોતુ મળતું. ખૂબ મુશ્કેલી વચ્ચે મેં સાડા ત્રણ વર્ષ કાઢ્યા છે, પરંતુ આજે પરિવારને મળવા માટે અમે અધીરા બન્યા છીએ.

પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થઈને આવેલા કોડિનારના રહેવાસી લખાભાઈએ જણાવ્યું હતું કે, અમે સમુદ્રમાં માછીમારી કરવા ગયા હતા, સમુદ્રમાં બોર્ડરની કોઈ દિવાલ હોતી નથી. પાણીના કરંટ અને ઝડપી હવાના કારણે બોર્ડર ક્રોસ કરી અને પાકિસ્તાનમાં પહોંચી ગયા હતા. તે સમયે પાકિસ્તાની કોસ્ટગાર્ડે અમને પકડી લીધા હતા અને કરાચીની લાંડી જેલમાં નાખ્યા હતા. જ્યાં અમને ૪ વર્ષ રાખવામાં આવ્યા. પાકિસ્તાન જેવી જેલમાં જીવવુ ખૂબ જ મુશ્કેલ છે. ઘરવાળાની ચિંતા અને બાળકોના વિયોગ વચ્ચે ૪ વર્ષ ખૂબ કપરા રહ્યા હતા. ડિસિપ્લિન ન રાખીએ પાકિસ્તાની પોલીસ અમને માર પણ મારતી હતી અને ઘણીવાર રૂમમાંથી પણ નીકળવા દેતા નહોતા.

રાજયના મત્સ્યઉદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૮૪ જેટલા માછીમાર ભાઈઓ પાકિસ્તાનના જેલમાં કેદ હતા. તેઓને ભારત સરકારના પ્રયાસોથી ભારતીય માછીમારોનો છુટકારો થયો અને વાઘા બોર્ડરથી આજે વતન પરત લાવવામાં આવ્યા છે. ગુજરાતની સાથે સાથે આંધ્રપ્રદેશ, દીવ અને ગોવાના માછીમારોની પણ મુક્તિ થઈ છે. આજે તમામ માછીમારોને ટ્રેન દ્વારા વડોદરા લાવવામાં આવ્યા હતા અને જ્યાં માછીમારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને બસ મારફતે તેમના વતન મોકલવામાં આવ્યા છે.